1-11-96
31-5-97
18-6-97



રાગ એ મારામાં છે અને એને મારે ઘટાડવો છે—એ દષ્ટિ જ મિથ્યા છે. રાગનો હું કર્તા નથી. રાગ મારાથી ભિન્ન છે. રાગનો હું જ્ઞાતા છું.—એવી દષ્ટિ કરતાં રાગ ઘટી જાય છે.

—સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૬ સં. ૨૦૫૨ (૬૩૩) * આત્મધર્મ * (અંક-૧ વર્ષ-૫૩) વીર સં. ૨૫૨૨ જુલાઈ, ૧૯૯૬

श्री જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી–પરિવાર દ્વારા ઉજવાનાર
[ હસ્તે શ્રી લાભકુંવરબેન ચીમનલાલ મોદી ]
સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો

# 卐 ૮૩મો મંગલ જન્મોત્સવ 卐

[ તા. ૨૩–૮–૯૬ થી તા. ૩૦–૮–૯૬ ]

સ્વાનુભવમુદ્રિત–અધ્યાત્મમાર્ગોદ્યોતક પરમ તારણહાર પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજી-સ્વામીના ભક્તરત્ન સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો આપણા મુમુક્ષુસમાજ ઉપર, પોતાના દિવ્ય "જ્ઞાનવૈભવ" દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની ભાવિ–તીર્થંકરદ્રવ્યરૂપ અનુપમ મહિમાને પ્રકાશિત કરવારૂપ મહાન ઉપકાર છે. લોકોત્તર ગુરુમહિમા તેમ જ સ્વાનુભૂતિપથપ્રદર્શિની તેઓના અનેકવિધ ઉપકાર-કિરણો આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરે છે. આપણી તે ઉપકૃતતાભીની ભાવનાઓને વિશેષ દૃઢ કરવા માટે પ્રશમમૂર્તિ ધર્મરત્ન ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની કલ્યાણવર્ષિણી ૮૩મી જન્મજયંતીનો મંગલ મહોત્સવ, અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં, શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી–પરિવાર હસ્તે શ્રી લાભકુંવરબેન ચીમનલાલ મોદી દ્વારા, તા. ૨૩–૮–૯૬, શુક્રવારથી તા. ૩૦–૮–૯૬, શુક્રવાર—આઠ દિવસ સુધી 'શ્રી જિનસહસ્રવસુનામ મંડલવિધાનપૂજા', અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસના, દેવગુરુભક્તિ ઇત્યાદિ વિવિધ રોચક કાર્યક્રમ સહ અત્યંત આનંદોલ્લાસથી ઉજવવામાં આવશે.

આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની દેવગુરુભક્તિભીની ઉપસ્થિતિમાં ઉજવાનારા આ જન્મોત્સવમાં કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક આધ્યાત્મિક ટેપ–પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા, મંડલવિધાનપૂજા, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ આદિ દ્વારા અધ્યાત્મજ્ઞાન ઉપાસનાનો વિશેષ લાભ પ્રાપ્ત થશે. આ જન્મોત્સવના આઠે દિવસ માટે બહારગામથી પધારેલા મુમુક્ષુમહેમાનો માટે આવાસ તેમ જ ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.

સૂચના—શ્રી જિનસહસ્રવસુનામ મંડલવિધાનપૂજનનો પ્રારંભ તા. ૨૧–૮–૯૬, બુધવાર ( ઉત્સવના બે દિવસ પહેલાથી ) શરૂ થઈ જશે.

હવે આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે.

ટીકા:—આ ગાથાઓ ઉપર આઠ વ્યાખ્યાનો અપાયા છે. આ અલૌકિક અચિંત્ય અધિકાર છે. આ મોક્ષ અધિકારની ચૂલિકા છે. જેમ મંદિર ઉપર કળશ મૂકે છે, તેમ બધા અધિકાર કહ્યા પછીનો આ અધિકાર કળશ સમાન છે.

આ જગતમાં મૂળ વાત તો એમ છે કે જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે. જીવ જ્ઞાયક સ્વભાવમય છે. પહેલા જીવ અધિકારમાં જીવની વાત આવી ગઈ છે, તેનું બીજી રીતે અહીં વર્ણન છે. જીવ ચૈતન્યસ્વરૂપ છે. તેમાં અનંતાગુણો એકી સાથે છે, તે બધા થઈને જીવ કહેવાય છે. અનંતા ગુણોના જે પરિણામ થવાના તે જ થવાના છે, પહેલાંના પછી નહિ. આત્મા સ્વ-પર પ્રકાશક સ્વભાવ સહિત ઊપજતો પરિણમે છે. સાધકને રાગ-દ્વેષ ઊપજે છે પણ અહીં તે વાત ગૌણ છે. જીવ આસ્રવપણે ઊપજતો નથી. આ સમ્યગ્દર્શનનો વિષય છે. એક સમયે જે પરિણામ થવાના છે, તે થવાના છે, જીવ ત્રિકાળ સત્ છે. ગુણો ત્રિકાળ સત્ છે, તેમાં જે પર્યાય ઊપજે છે તે જીવનું કાર્ય છે, જીવ તેનો કર્તા છે. કર્મને નિમિત્ત થાય તેવું આત્માને કર્તાપણું નથી. રાગાદિ પરિણામની અધિકતા નથી. સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવ જાણવામાં આવ્યો એટલે જે પરિણામ તેના કાળે સ્વશક્તિથી ઊપજે છે તેને જાણે છે. અનુકૂળ નિમિત્તને લીધે જ્ઞાન ઊપજતું નથી (અને જ્ઞાન બીજાને નિમિત્ત થતું નથી.) જ્ઞાયક જીવ સ્વ-પર પ્રકાશકપણે જાણતો, શ્રદ્ધાની પર્યાય, આનંદની પર્યાય, વીર્યની પર્યાય વગેરે રૂપે ઊપજતો તેને જાણે છે, નિમિત્તને નહિ ઉપજાવતો રાગાદિને નહીં ઉપજાવતો, બીજી ચીજથી નહિ ઉપજતો જીવ જીવ જ છે.

સર્વજ્ઞ પરમાત્માને પૂર્ણ શક્તિ વ્યક્ત થઈ ગઈ છે. આત્મા એકલો જ્ઞાનમય છે —એમ જાણતા, પોતાની નિર્મળપર્યાયપણે ઊપજતો જીવ છે. તે પર્યાયનો કાળ ક્રમબદ્ધ આવેલ છે. જીવનું સ્વરૂપ જ્ઞાયક છે, તે પોતાના પરિણામને ઉપજાવે કે બીજાને ઉપજાવે? જ્ઞાયક પોતાના જ્ઞાનભાવને ઉપજાવે કે આસ્રવ-બંધને ઉપજાવે? નિમિત્ત થઈને રાગ-દ્વેષને ઉપજાવે તે જીવ નથી. નિમિત્ત થઈને બીજા પદાર્થોને ઉપજાવે કે ભોગવે તે જીવ નથી. સમયસાર ગાથા બેમાં કહેલ છે કે જીવ પોતે પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામમાં સ્થિત છે. તેને સ્વ સમય કહે છે. પુદ્‌ગલ કર્મના નિમિત્તમાં રે તે આત્મા નથી.

નિમિત્તનો પ્રભાવ પરમાં માને તેને આ વાત ન સમજાય. જીવના જે પરિણામ થવાના તે થવાના તેમાં ફેરફાર નથી. અનંતાગુણો નિર્મળપર્યાયરૂપે ઊપજે તેને જીવ કહે છે.

આ અનેકાન્ત દૃષ્ટિ છે. પોતાપણે ઊપજે છે અને પરપણે ઊપજતો નથી, તે જીવ છે. કર્મના નિમિત્તનો આત્મામાં પ્રભાવ માને તે એકાંત દૃષ્ટિવાળો મિથ્યાદૃષ્ટિ છે. દારૂની અસર જીવ ઉપર પડે છે—એમ અજ્ઞાની માને છે. નિમિત્તનું કાર્ય પરમાં ન માનો તો નિમિત્તની ઉપયોગિતા રહેતી નથી. અને તેથી નિમિત્ત પણ રહેતું નથી—એમ અજ્ઞાની માને છે. ભાઈ, જે રાગ જે સમયે થવાનો તે થવાનો અને નિમિત્ત પણ યથાયોગ્ય હોય બન્ને સુનિશ્ચિત છે. "કુંભાર વિના ઘડો થતો હોય તો બતાવો" એમ અજ્ઞાની કહે છે, પણ તે વાત સાચી નથી. વિકારમાં નિમિત્ત ભલે હો, પણ એવા નિમિત્ત-નૈમિત્તિક ભાવનો સ્વીકાર કરનાર મિથ્યાદૃષ્ટિમાં જાય છે. અહીં નિમિત્તના પ્રભાવની તો વાત છે જ નહિ પણ નિમિત્તની ઉપસ્થિતિમાં આત્માની પર્યાયની લાયકાતથી વિકારની ક્રમબદ્ધ યોગ્યતા મુજબ વિકાર થાય તે પણ આસ્રવ-બંધ છે, તે જીવ નથી. જે પોતાના જ્ઞાન-દર્શનાદિ પરિણામપણે ઊપજે છે, પણ રાગાદિ સંસારપણે ઊપજતો નથી તે જીવ છે. સાધકને પર્યાયમાં અલ્પ રાગાદિ થાય છે, તેને તે જ્ઞેયપણે જાણે છે, એટલે કે તે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિપણે ઊપજે છે.

જો રાગના પરિણામ ક્રમસર થાય છે, તો પછી તેને ફેરવી શકાય નહિ. અથવા મટાડી શકાય નહિ—એમ કોઈ પ્રશ્ન કરે તો તેને કહે છે કે ભાઈ, રાગનો ફેરફાર કરવા જઈશ તો જ્ઞાનમાં ફેરફાર થઈ જશે, ચૈતન્યસ્વભાવ સાથે અનંતા ગુણોનો સ્વકાળ છે. સ્વકાળે ઉપજતા સ્વ-પર પ્રકાશક જ્ઞાનમાં બીજા ગુણોની ક્રમબદ્ધ પર્યાય જેવી છે તેવી જણાય છે. દર્શન, ચારિત્ર, આનંદ અને વીર્યની નિર્મળ પર્યાય જ્ઞાનમાં પરપણે જણાણી છે. તે તેની યોગ્યતાના કારણે ઊપજે છે, જ્ઞાનમાં જણાણી માટે પરાધીનપણે ઊપજી નથી. વળી સાધકને અલ્પરાગ થાય છે, પણ રાગ જ્ઞાનમાં જ્ઞેયપણે જણાય છે. એટલે કે ધર્માત્મા રાગપણે ઊપજતો નથી, પણ જ્ઞાનપણે જ ઊપજે છે.

આ વાત પરમાગમ કહે છે, પદાર્થ એમ જ છે ને ભગવાન સર્વજ્ઞ એમ જાણે છે. સર્વજ્ઞ ભગવાનને જ્ઞાનસ્વભાવ પૂર્ણ પ્રગટી ગયો છે. તેઓ એમ જ જાણે છે, તેમની વાણીમાં એમ જ આવે છે કે જીવ પોતાના ક્રમબદ્ધ પરિણામોથી ઊપજે. આમ જ્ઞાન, વાણી ને પદાર્થમાં એક જ સ્વરૂપ આવ્યું. પોતાના જ્ઞાન સિવાય બીજા ગુણો નિર્મળપણે પોતાના કારણે ઊપજે છે. સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવને લીધે નહિ.

સમયસાર ગાથા ૬માં તથા ગાથા ૨૧માં જે વાત કહી છે. તે વાત બીજી ઢબથી અહીં કરેલ છે. જ્ઞાન, દર્શન, ચારિત્રની પર્યાય આડી-અવળી થતી નથી. આવા જ્ઞાનના પરિણામ હોવા છતાં વિશેષ ચારિત્ર કેમ પ્રગટતું નથી? એમ કોઈ પૂછે તો તે

ક્રમબદ્ધપર્યાયને જાણતો નથી. અનંતા ગુણોની પર્યાયો જેવી ઊપજે છે, તેને જાણતો જ્ઞાન પર્યાય ઊપજે છે. તે નિમિત્તને કે રાગને ઊપજાવતો નથી, તેમ જ નિમિત્તથી કે રાગથી ઊપજતો નથી.

લોકો કહે છે કે ગુરુનો પ્રભાવ શિષ્ય ઉપર પડે છે, પણ ભાઈ, અનંતવાર ભગવાન પાસે ગયો છતાં કોરો રહી ગયો, તો ત્યાં નિમિત્તનો પ્રભાવ તો પડ્યો નહિ.

સૂત્ર કહે છે કે જીવ જ્ઞાયકભાવ છે. જે પરિણામનો કાળ છે તે પરિણામરૂપે તે ઊપજે છે. પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર, શાંતિના પરિણામરૂપે ઊપજતો જીવ જ છે. આસ્રવ-બંધનાં પરિણામપણે ઊપજે તે જીવ જ નથી. ચારિત્રગુણની પર્યાયમાં અલ્પ વિકાર થાય તેની મુખ્યતા નથી તે ગૌણ છે. અવિકારી પરિણામ જીવ સાથે અભેદ થયા તે જીવ જ છે.

આ વાત સમજ્યા વિના ઉકરડા ઉથામવા સમાન છે. જેમ મોટો સાંઢ કઠણ ભીંતમાં માથું મારે તો કાંઈ ન વળે પણ ઉકરડામાં માથું મારે તો કચરા આદિ ખરાબ પદાર્થો ઉછળે એટલે સાંઢ માને કે મેં ઘણું કામ કર્યું, પણ ઊલટું પોતાનું શરીર બગાડે છે. તેમ પુદ્ગલ તૂટવાનું ફરવાનું હોય છે. તેમાં અજ્ઞાની જીવ માથું મારે ને માને કે મારાથી આ બહારનાં કામ થયાં, પણ એ પદાર્થો તેમ થવાના જ હતા, અને થવા કાળે થયા છે, એ વાત તેને બેસતી નથી. તે માત્ર મિથ્યાત્વપૂર્વકના અભિમાનથી પોતામાં બગાડ કરે છે.

આત્મા એકરૂપ ચૈતન્યસ્વરૂપી છે, તેવી દૃષ્ટિ થતાં તે જ્ઞાયકભાવે ઊપજે છે. તે પર્યાયને ગુરુ ઉપજાવતા નથી. કેવલી ભગવાન હતા માટે તે પર્યાય ઊપજી. એમ કહ્યું નથી. પૂર્વની પર્યાય હતી, માટે વર્તમાન પર્યાય ઊપજતી નથી. તેમ જ ભવિષ્યમાં થવાની છે માટે વર્તમાનમાં ઊપજે છે—એમ પણ નથી.

પૂર્વમાં રાગ હતો માટે અથવા દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ હતો માટે જીવ જ્ઞાનાદિ રૂપે ઊપજ્યો એવું વસ્તુ સ્વરૂપ નથી. પહેલાં કષાયની મંદતા કરી માટે જીવ ધર્મની પર્યાયપણે ઊપજ્યો ? ના. રાગને લીધે ધર્મ માનનાર કેવલજ્ઞાનને માનતો નથી. તે મિથ્યાદૃષ્ટિ છે, તે વસ્તુના સ્વરૂપને માનતો નથી. જીવ દ્રવ્ય છે. જ્ઞાન તેનો સ્વભાવ છે, તેમ નક્કી કરતા અનંતા ગુણો શુદ્ધ પરિણામપણે ઊપજે છે. તે પરિણામપણે ઊપજતો જીવ જ છે. અજીવના નિમિત્તે ઊપજે તે જીવ નથી. આસ્રવ-બંધથી અધિકપણે ઊપજે તે જીવ છે. રાગનો વ્યવહાર જ્ઞાનમાં જ્ઞેય તરીકે આવે છે.

આત્મા જ્ઞાયક ભાવે જ્યાં પરિણમ્યો ત્યાં પછી ફેરફાર કરવો નથી. આવું

ચારિત્ર કેમ? તેમ શંકા કરનાર શ્રદ્ધાને, જ્ઞાનને તથા ચારિત્રને સમજતો નથી. વિકાર પણ જ્ઞેય છે, તેમ તે સમજતો નથી. સમકિતીને સંસાર નથી. સંસારને ટાળવો નથી. સંસારને ટાળવો એમ કહેવું તે ઉપચાર છે. જીવ દર્શન-જ્ઞાનરૂપે પરિણમ્યો એટલે સંસાર નથી. સ્વ-પર પ્રકાશક જ્ઞાનમાં અલ્પ રાગ જ્ઞેય છે. મને ભાવ બંધન નથી. તેમ જ નવું દ્રવ્ય બંધન પણ નથી. જૂનાં કર્મ મને નિમિત્ત થતાં નથી, તે તો મારા જ્ઞાનમાં જ્ઞેય છે—એમ જીવ જાણનાર માત્ર છે. શાસ્ત્ર એમ કહે છે. સર્વજ્ઞ એમ જાણે છે અને જીવ પદાર્થ પણ આવો જ છે—એમ ત્રણેનો મેળ છે. આથી વિરુદ્ધ માને તો પદાર્થનું સ્વરૂપ એવું નથી, સર્વજ્ઞ એમ જાણતા નથી અને શાસ્ત્ર એમ કહેતું નથી.

નિમિત્તને લીધે રાગ થાય એ વાત તો છે જ નહિ. ઔદયિકભાવનો કર્તા પણ જીવ નથી. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, આનંદ, કર્તા-કર્મ આદિ ગુણોના પરિણામપણે ઊપજતો તે જીવ છે. સાતતત્ત્વોમાં આ જીવ છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્ એમ સાતતત્ત્વોમાં જીવતત્ત્વની વાત આવી. અજીવ આસ્રવ બંધ જ્ઞાનમાં જ્ઞેય થયાં. સંવર-નિર્જરા પણ જીવમાં અભેદ થતાં આવી ગયાં ને મોક્ષની પ્રતીતિ વર્તે છે. આમ સાતતત્ત્વની શ્રદ્ધા આવી જાય છે.

ગુરુને લીધે ધર્મ થતો હોય તો કુગુરુના શાપથી ધર્મ લૂંટાઈ જાય પણ એમ બનતું નથી, છતાં જે સમ્યગ્દર્શન પામે તેને જ્ઞાની પુરુષ અભ્યંતર નિમિત્ત છે; જ્ઞાનીની વાણી બાહ્ય નિમિત્ત છે, પણ તે નિમિત્તનું લક્ષ છોડી સ્વ તરફ વળે તો સ્વ-પર પ્રકાશક જ્ઞાનરૂપે ઊપજે. અજીવના નિમિત્તથી આસ્રવ, બંધ ઊપજતા નથી. તેમ જ આસ્રવ-બંધના પરિણામથી સ્વ-પર પ્રકાશક જ્ઞાન થતું નથી. સાતતત્ત્વમાં જીવતત્ત્વ પોતાના કાળે તે પરિણામરૂપે ઊપજે છે, પરિણામની રચના કરતો થકો તે જીવ જ છે, કર્તા થઈ કાર્ય કરતો જીવ જ છે.

જ્ઞાનમાં નવી નવી પર્યાય ઊપજે છે, જ્ઞાનનો નવો નવો સ્વકાળ છે. અનંતા ગુણોનો નવો નવો સ્વકાળ છે. આત્મા સર્વથા કૂટસ્થ નથી પણ સમયે સમયે ઊપજે છે. જીવ એક છે. તેમાં અનંતાગુણો છે અને સમયે સમયે તે નિર્મળ પરિણામપણે ઊપજે છે. પૂર્વે નિર્મળપણે ઊપજ્યો હતો માટે વર્તમાનમાં ઊપજે છે—એમ પણ નથી. સમયે સમયે નવો નવો ઊપજે છે. આ વાત ખ્યાલમાં લેવી જોઈએ.

કર્મને લીધે રાગ કરવો પડે તેમ માનનાર જીવ નથી. રાગ થયો તે ચારિત્ર ગુણનો કાળ ક્રમ છે. ભલે તેમાં બીજી ચીજ નિમિત્ત હો પણ નિમિત્તને અને રાગને ગૌણ કરી સ્વ-પર પ્રકાશક જ્ઞાન પણે ઊપજતો જીવ છે. આત્મા રાગને કે નિમિત્તને ઉપજાવતો નથી.

હે જ્ઞાયક ચિદાનંદ પ્રભુ! જ્ઞાનની મૂર્તિ આત્મા છે. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, વીર્ય, આનંદના પર્યાયપણે ઊપજતો જીવ જ છે. આ સમ્યક્ એકાંત છે. સાધક જાણે છે અલ્પ રાગ બાકી છે, તે જ્ઞાનના જ્ઞેયમાં જાય છે. જીવને આસ્રવ-બંધ સાથે સંબંધ નથી. તે અજીવમાં જાય છે.

પ્રશ્ન:—જો પર્યાય ક્રમબદ્ધ છે, તો પછી અમારે ક્રમબદ્ધમાં મિથ્યાત્વ થવાનું હશે ત્યારે થશે?

સમાધાન:—જે જીવ ક્રમબદ્ધ પર્યાયને માને તેને મિથ્યાત્વ હોય જ નહિ. કોની ક્રમબદ્ધ પર્યાયની વાત ચાલે છે. જીવની? જીવ કેવો છે? જ્ઞાયક સ્વભાવી છે. જ્ઞાયક સ્વભાવ માનનારને મિથ્યાત્વ રહેતું નથી. જેણે ક્રમબદ્ધ પર્યાયને જાણી તેને જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ થયા વિના રહે નહિ. તેના ક્રમબદ્ધ પરિણામમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર-આનંદ મુખ્યપણે ઊપજે છે. અલ્પ રાગ થાય છે તે ગૌણ છે. નિશ્ચય જ્ઞાયક છે. વ્યવહાર જ્ઞેય છે. વ્યવહાર છે માટે નિશ્ચય છે—એમ નથી, વ્યવહાર છે માટે જ્ઞાન છે એમ પણ નથી. પહેલાં વ્યવહાર હતો માટે ધર્મ થયો છે એમ પણ નથી. નિશ્ચય વ્યવહાર એકી સાથે છે.

પ્રશ્ન:—વળી કોઈ કહે કે અમો ક્રમબદ્ધ પર્યાયને માનીએ અને કુદેવાદિને પણ માનીએ તો?

ઉત્તર:—ભાઈ, ક્રમબદ્ધનું યથાર્થ સ્વરૂપ બતાવનાર સર્વજ્ઞ છે. માટે ક્રમબદ્ધને માનનાર કુદેવાદિને માને નહિ. વળી ધર્માત્મા જ્ઞાનસ્વભાવ સન્મુખ વર્તતો હોવાથી તેને પ્રમાદ પણ નથી. તેમ જ ઉતાવળ પણ નથી, પરંતુ ધીરજ છે. તેને આસ્રવ-બંધ નથી. તે જીવ જ છે. અજીવ નથી. તે કર્મ, શરીર, આસ્રવ કે બંધ આદિ રૂપ નથી એનું નામ અનેકાંત છે. કર્મ બંધનને ઉપજાવે કે કર્મથી ઊપજે તેવો જીવ છે જ નહિ. જ્ઞાયક આત્મા રાગનો અકર્તા અને અભોક્તા છે. રાગ તોડવાની પણ વાત નથી. રાગ તૂટવા વખતે પોતાના જ્ઞાન ગુણની પર્યાય વડે તેને જાણતો તે ઊપજે છે.

જ્ઞાનાદિના નિર્મળ પરિણામરૂપે ઊપજતો જીવ છે, અને અજીવ નથી. એ અનેકાન્ત છે. "એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી (અસ્તિ-નાસ્તિ આદિ) પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાન્ત છે." વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના પરિણામપણે ઊપજતો અને રાગાદિ વ્યવહાર તથા કર્માદિ પરપણે નહિ ઊપજતો તે જીવ જ છે. પોતે પરપણે ઊપજે અથવા પરથી પોતે ઊપજે એવો જીવ નથી—એમ અનેકાન્ત છે. [ક્રમશઃ]

# રાગ રહિત સાક્ષાત્ મોજૂદ તત્ત્વનો વિશ્વાસ લાવ

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૬ )

આ શ્રી નાટક સમયસાર ગ્રંથ છે. તેના ૨૪મા શ્લોકના પદમાં બનારસીદાસજી જીવને અકર્તા માનીને આત્મધ્યાન કરવાની મહિમા સમજાવે છે.

जे न करै नयपच्छ विवाद,
धरैं न विखाद अलीक न भाखैं।
जे उदवेग तजैं घट अंतर,
शीतल भाव निरंतर राखैं॥
जे न गुनी-गुन भेद विचारत,
आकुलता मनकी सब नाखैं।
ते जगमैं धरि आतमध्यान,
अखंडित ग्यान सुधारस चाखैं॥ २५॥

અર્થ:—જે નયવાદના ઝઘડાથી રહિત છે, અસત્ય, ખેદ, ચિંતા, આકુળતા આદિને હૃદયથી દૂર કરે છે અને હંમેશા શાંતિભાવ રાખે છે, ગુણ-ગુણીના ભેદ-વિકલ્પને કરતો નથી, તે જીવ સંસારમાં આત્મધ્યાન ધારણ કરીને પૂર્ણ જ્ઞાનામૃતનો સ્વાદ લે છે.

जे न करै नयपच्छ विवाद, નિશ્ચયથી આત્મા શુદ્ધ છે, આનંદનો સાગર છે અને અબંધસ્વરૂપ છે અને વ્યવહારથી આત્માને બંધ છે, કર્મના સંબંધની અપેક્ષાએ આત્માને બંધ કહેવાય છે આમ, બંને નયો દ્વારા વસ્તુના સ્વરૂપને જ્ઞાની બરાબર સમજે છે અને એ બંને નયો સંબંધી વિકલ્પ પણ તેને આવે છે કે હું અબંધ છું પણ બાહ્યમાં વ્યવહારથી કર્મનું બંધન છે વગેરે પરાશ્રિત લક્ષવાળો વિકલ્પરાગ આવે છે પણ વિવાદ થતો નથી. ઝઘડો ઉત્પન્ન થતો નથી. સર્વજ્ઞોએ કહ્યો છે એવો જ આત્માને જાણે છે.

धरैं न विखाद—જ્ઞાની એવો ખેદ કરતાં નથી કે અરે, હું તો દુઃખી થઈ ગયો, મારે ચારગતિમાં રખડવું પડયું, હવે મારું શું થશે! એવો ખેદ ન કરે. अलीक न भाखैं—ભગવાને જેવું સત્યસ્વરૂપ કહ્યું છે તેવું પોતે જાણે અને એવું જ બીજાને કહે છે. જૂઠું બોલતાં નથી.

**जे उदवेग तजैं घट अंतर**—હિંસા, જૂઠું, પરિગ્રહ આદિ તો દુઃખરૂપ છે પણ વ્રત, ભક્તિ, પૂજા આદિનો શુભરાગ પણ દુઃખરૂપ લાગે છે. હું શુદ્ધ છું, અબંધ છું એવા વિકલ્પ પણ ધર્મીને પોસાતા નથી. હું નરક, નિગોદના સંયોગીક દુઃખથી દુઃખી થયો એમ નહિ પણ ધર્મીને વૃત્તિનું ઉત્થાન જ દુઃખરૂપ લાગે છે તેથી તેને તજે છે. સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો તેવો હું શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન છું એવી રાગની વૃત્તિ ઊઠે છે તે પણ ખેદરૂપ છે—ઉદ્વેગરૂપ છે. તેથી ધર્મી અસત્ય, ખેદ, ચિંતા અને આકુળતા આદિને હૃદયથી દૂર કરે છે.

ઘણું ધીરજનું કામ છે. જેને ધર્મ કરવો હોય, પોતાનું હિત કરવું હોય તેને ધીરજથી આ માર્ગે આવવું પડશે. ધર્મ કાંઈ બહારથી થતો નથી. અનંતકાળથી ચારગતિમાં આકુળતાના દુઃખ ભોગવ્યા છે તે આકુળતાને તો છોડે પણ વસ્તુસ્વરૂપના બે પક્ષ સંબંધી વિકલ્પને પણ છોડે ત્યારે નિર્વિકલ્પ અનુભવ થાય છે. વસ્તુ અબદ્ધ છે અને નિમિત્ત અપેક્ષાએ બદ્ધ પણ છે પરંતુ એવા વિકલ્પથી સિદ્ધિ નથી. વિકલ્પ છે તે આકુળતા છે. હું શુદ્ધ છું, અબદ્ધ છું, જ્ઞાયક છું એવો મનના સંગે વિકલ્પ ઊઠે છે તે રાગ છે માટે આકુળતા છે. એ રાગને જ જો પોતાનું કર્તવ્ય માને છે ત્યાં સુધી શાંતિ થતી નથી.

ચોરાશી અવતારમાં ભલે તે સ્વર્ગ હો કે નરક હો, મનુષ્ય હો કે પશુ હો પણ તે બધી દુઃખની દશા છે. બહારથી અનંત અનુકૂળતા હો કે અનંત પ્રતિકૂળતા હો પણ તે બધી ચીજો ઉપર લક્ષ જતાં આકુળતા જ છે.

અહીં તો અંતરમાં ઉતરવાની વાત કરે છે કે સર્વજ્ઞ વીતરાગે કહેલા નયપક્ષ અનુસારના વિકલ્પો પણ છોડવા લાયક છે. સર્વજ્ઞ વીતરાગે કહેલી વસ્તુનો અનુભવ કરવા લાયક છે.

**शीतल भाव निरंतर राखैं** । ચૈતન્યનો અનુભવ કરનારને નિરંતર શાંત-શીતળ ભાવ રહે છે. **जे न गुनी–गुन भेद विचारत** જ્ઞાન, આનંદ આદિ ગુણો અને તેનો ધરનાર ગુણી તે આત્મા છે એવો વિચાર પણ ભેદનો વિકલ્પ છે.

મારગ તો આવો છે ભાઈ! તેને પ્રથમ સમજણમાં લેવો જોઈએ. અનાદિથી જન્મ, મરણ આદિ આકુળતાના દુઃખને ભોગવતો આવ્યો છે પણ એને ભાન નથી.

અહીં તો ત્યાં સુધી કહે છે કે વસ્તુસ્વરૂપના વિચાર, વસ્તુના ગુણો અને તેનો આધાર એવો ગુણી તેના વિચારમાં પણ રાગ છે, વિકલ્પ છે માટે તેમાં આકુળતા છે. તું શાસ્ત્ર અનંતવાર ભણ્યો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા પણ અનંતવાર કરી પણ તારા શાંત વસ્તુસ્વરૂપને કદી તે અનુભવ્યું નથી. રાગની વૃત્તિ ઊઠે તે તેની પાસે

અગ્નિ સમાન છે, ભઠ્ઠી છે. શુભરાગ પણ ભઠ્ઠી ?...હા, જેની પાછળ દુઃખ છે તે ભાવ પણ ભયંકર દુઃખરૂપ છે. ભયનો કરનારો ભાવ છે માટે તે ભયંકર છે. અકષાય સ્વભાવ છે તેમાં વિકલ્પ ઊઠે તે પણ અશાંતિ છે, દુઃખ છે, ઝેર છે. મોક્ષ અધિકારમાં શુભરાગને પણ વિષકુંભ કહ્યો છે.

જેને આત્માની શાંતિ જોઈતી હોય તેણે પુણ્યની રુચિ છોડવી પડશે. અરે! ગુણ–ગુણીના ભેદનો વિકલ્પ પણ છોડવો પડશે. જેણે આ વાત સાંભળી જ ન હોય અને પ્રથમવાર સાંભળે તો એને એમ જ થાય કે આવો તે મારગ કેવો! વીતરાગનો મારગ આવો હોય? હા, વીતરાગનો અને તારો મારગ આવો છે બાપુ! વીતરાગીન વીતરાગતા થઈ છે તે કયાંય બહારથી આવી નથી. અંતરમાં હતી તે જ પ્રગટ થઈ છે, તેમ તારું સ્વરૂપ પણ શાંત...શાંત વીતરાગસ્વરૂપ છે, અનાકુળ આનંદનું ધામ છે, શીતળતાની શીલા છે. બરફની શીલા તો રૂપી અને જડ છે જ્યારે આત્મા તો અરૂપી અને ચૈતન્યમય શાંતરસની શીલા છે.

...પણ અરે! એને રાગરહિત સાક્ષાત્ આ મોજૂદ તત્ત્વ પડયું છે તેનો વિશ્વાસ નથી. જેનાથી સિદ્ધપદ પ્રાપ્ત થાય અને અનંતકાળ રહે અને અનંત દુઃખનો અભાવ થાય એવી વસ્તુ અને તેની પ્રાપ્તિનો માર્ગ તો કોઈ અલૌકિક જ હોય ને ભાઈ! જેને આ માર્ગની વાત સાંભળવા પણ ન મળે તે નિર્ણય અને રુચિ કયાંથી કરી શકે! બાપુ! ત્રિલોકનાથ પરમાત્મા તારી આત્મશાંતિને યાદ કરવાનું અને અશાંતિને ભૂલવાનું કહે છે.

બહારથી મોટા ગજરથ કાઢે, ઝંડા ઊંચા રહે હમારા—એ બધાં ગાય, દશ–વીશ હજાર માણસ ભેગું થયું હોય...એ કાંઈ ધર્મ નથી. અંદરમાં આત્માનો ઝંડો હંમેશા ઊંચો રહે એવું થાય તે ધર્મ છે. બહારની ક્રિયા તો તારી નહિ પણ વિકલ્પ ઊઠે છે તે પણ તું નથી. બાપુ! તારી હયાતી—સત્તાની તને ખબર નથી. દયા, દાનાદિના વિકલ્પ ઊઠે છે એ તો રાગના તણખાં છે, એ આત્મા નથી. સમવસરણની મધ્યમાં, લાખો કરોડો દેવોની હાજરીમાં, અર્ધલોકના સ્વામી એવા ઇન્દ્રની ઉપસ્થિતિમાં ભગવાન આમ કહેતા હતાં અને વર્તમાનમાં પણ સીમંધરાદિ તીર્થંકરો કહી રહ્યા છે કે રાગાદિભાવ તે તું નહિ, તું તેનો સ્વામી નહિ. તું છો ત્યાં રાગાદિ નથી અને રાગાદિ છે ત્યાં તું નથી.

ભગવાન, આત્માને 'ભગવાન' કહીને સંબોધે છે કે તું તારી મહિમાવંત વસ્તુનો વિશ્વાસ લાવ! જેણે પોતાના આત્માને અનુભવ્યો છે એવા ધર્મી હંમેશા શીતળભાવે રહે છે. હું ગુણી છું અને મારામાં અનંતગુણ છે એવા વિકલ્પને પણ

ધર્મી કરતાં નથી. કારણ કે ગુણ અને ગુણીના ભેદને લક્ષમાં લેતા પણ રાગનો તણખો ઊઠે છે. તું તો શીતળસ્વભાવે રહેલો ભગવાન છો ભાઈ !

રોટલી થાય તેમાં બાઈ નિમિત્ત હોય છે, ઘડો થાય તેમાં કુંભાર, કપડાં સિવાઈ તેમાં દરજી, કપડું વણાય તેમાં વણકર નિમિત્ત હોય છે એવા એક જ સમયમાં થતાં નિમિત્ત-નૈમિત્તિકના વિકલ્પ તો દૂર રહ્યાં પણ અહીં તો બેહદ આનંદસ્વભાવી હું છું એવો ગુણ-ગુણી ભેદનો વિકલ્પ ઊઠે તે પણ કહે છે કે રાગનો તણખો છે. ગુણીમાં ગુણ રહેલા છે પણ રાગનો તણખો ગુણીમાં નથી. આવી વાત સાધારણ માણસને કઠણ છે. શ્રીમદ્ કહે છે—

'વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.'

વિકલ્પને પણ છોડાવીને શાંતરસમાં નાખે એવી વીતરાગની વાણી છે. ભવરોગનું ઔષધ પણ એ છે. અનાદિની ભ્રમણાનો રોગ લાગુ પડયો છે તેને વીતરાગની વાણી સિવાય કોઈ મટાડી શકતું નથી. છ મહિના ૯૯ તાવ રહે તો તરત શંકા પડે કે આ તો ટીબી લાગુ પડયો લાગે છે તો એને જીંથરી હોસ્પીટલમાં દવા કરાવવા આવવું પડે ને ! તો આ ભ્રમણાનો રોગ તો અનાદિથી તને લાગુ પડયો છે તેને મટાડવો હોય તો આ વીતરાગની વાણી સાંભળ !

"આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ,
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન."

આત્મા પોતે પોતાને ઓળખતો નથી અને પુણ્ય-પાપ ભાવ તે હું અને શરીર મારું, એવી ભ્રાંતિમાં પડયો છે તેના જેવો મોટો રોગ બીજો કોઈ નથી. આ રૂપાળા દેખાતાં શરીરમાં ભગવાન કહે છે કે ૫,૬૮,૯૯,૫૮૪ (પાંચ કરોડ અડસઠ લાખ નવ્વાણું હજાર પાંચસો ચોરાસી) રોગ ભરેલાં છે. તેના કરતાં પણ આત્મભ્રાંતિનો રોગ તો કોઈ જુદો અને મોટો છે.

શ્રોતા :—શરીરના રોગ તો શક્તિરૂપે પડયા હશે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી:—કેટલાંક તો વ્યક્તરૂપે પણ હોય પણ દેખાતાં ન હોય. એક તસુ જેટલા ભાગમાં ૯૬-૯૬ રોગ રહેલાં છે. શરીર રોગની જ મૂર્તિ છે અને આત્મા અનંત ગુણોની નીરોગતાવાળો છે. લોગસ્સમાં આરોગ્યબોધિલાભની વાત આવે છે ને ! એ આરોગ્યનો અર્થ આ છે—હે પરમાત્મા ! શુભાશુભભાવ એ રોગ છે અને તેને મારા માનવા એ ભ્રાંતિનો મોટો રોગ છે, તેનાથી રહિત એવું મારું સ્વરૂપ નીરોગ છે એ નીરોગતા પ્રગટ કરવી તે મારું આરોગ્ય છે અને તેની શ્રદ્ધા, જ્ઞાન અને

સ્થિરતા કરવી તે બોધિ છે. આ આરોગ્ય તથા બોધિનો લાભ થવો તેમાં મારો લાભ છે.

ભગવાન આત્માના અમૃત સ્વરૂપમાં જતા તેને અનંત અનંત અમૃતનો સ્વાદ આવે છે તેમાં તેને બધી આકુળતા ટળી જાય છે. ગુણ-ગુણીભેદનો વિચાર પણ છૂટી જાય છે. અંતરમાં ઠરે ત્યાં કોઈ દુઃખ, આકુળતા કે વિકલ્પ આદિ રહેતું નથી.

**ते जगमें धरि आतमध्यान, अखंडित ज्ञान सुधारस चाखे** જુઓ! આમાં કોઈ તીર્થનું ધ્યાન, દેવ-ગુરુ-શાસ્ત્રનું ધ્યાન કે પંચપરમેષ્ઠીનું ધ્યાન કરવાનું નહિ કહેતાં પોતાના આત્માનું ધ્યાન કરવાનું કહ્યું છે. પોતાના ગુણ અને ગુણીનો વિચાર પણ છોડી દેવાનો છે. હું શુદ્ધ છું અને અબદ્ધ છું એવો વિકલ્પ પણ રાગ છે. એ વિકલ્પ મારું કાર્ય છે અને હું તેનો કર્તા છું એવો રાગ છે ત્યાં સુધી આકુળતા છે તેને છોડીને જે આત્માનું ધ્યાન કરે છે તે અખંડિત જ્ઞાનસુધારસને ચાખે છે, તે અમૃતના પ્યાલા પીએ છે, તેને ઝેરના પ્યાલા અનાદિથી પીતો હતો તે પીવાનું બંધ થાય છે.

અહો! ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ દુઃખરૂપ છે ત્યાં હવે બીજો કયો વિકલ્પ સુખરૂપ હોય! પ્રભુ! આ તારો મારગ એવો છે. આ તો વીરોનો માર્ગ છે, કાયરોનો માર્ગ નથી.

અખંડિત જ્ઞાનસુધારસ ચાખે. શીખંડનો કે રસપૂરીનો સ્વાદ આત્મા ચાખતો નથી. શીખંડ અને રસપૂરી આદિ તો શરીરમાં જાય છે આત્માને તેના સ્વાદનું જ્ઞાન થાય છે અને રાગ પણ છે એટલે એમ લાગે છે કે હું શીખંડ આદિ ખાઉં છું પણ જડને આત્મા ભોગવી શકતો નથી. એ તો માત્ર રાગને ભોગવે છે. શીખંડને આત્મા ભોગવી શકતો નથી. આત્મા તો પોતાના અખંડ જ્ઞાનના સ્વાદને ભોગવે ત્યારે તેણે આત્માને અનુભવ્યો કહેવાય. બાકી દાન કરવાથી, ખરડા કરી દેવાથી કે એવી કોઈ શુભક્રિયા કરવાથી આત્માનો ધર્મ થતો નથી.

અહીં તો કહે છે ખંડ જ્ઞાનનો વિચાર કરવામાં પણ વિકલ્પના તણખા ઊડે છે. આત્માનું નિર્વિકલ્પ ધ્યાન કરે તે જ અખંડિત જ્ઞાનના સુધારસને ચાખે છે. જ્ઞાનામૃત છે તે જ સુધારસ છે. જડમાં કાંઈ રસ નથી. કેરીને અમૃત કહે તેથી કાંઈ તે અમૃત થઈ જતી નથી. કેરી ગમે તેટલી મોંઘી હોય કે ઊંચી જાતની હોય પણ તે જડ માટી-ધૂળ છે. તેનો સ્વાદ જીવને આવતો નથી. તેને દેખીને રાગ થાય છે તેનો સ્વાદ તને આવે છે અને તું એમ માને છે કે મને કેરીનો સ્વાદ આવ્યો, મને અનુકૂળતાનો

સ્વાદ આવ્યો, છોકરા સારા પાકયા તેથી મારો આત્મા ઠર્યો એ બધો રાગનો સ્વાદ આત્મા ચાખતો જ નથી.

અહીં તો કહે છે કે અખંડજ્ઞાનમાં ખંડનો વિચાર કરવો એ પણ તારી ચીજ નથી. એમાં રાગની હોળી સળગે છે તેના એ તણખા છે માટે પરમેશ્વર એમ કહે છે કે હું અખંડ જ્ઞાનસ્વભાવી છું એમ પ્રથમ નિર્ણય તો કર! તેમાં શાંતિ છે, બાકી બીજે અશાંતિ છે.

હવે ૨૫મા શ્લોકનું પદ્ય કહે છે કે જીવ નિશ્ચયનયથી અકર્તા અને વ્યવહારથી કર્તા છે.

विवहार-दृष्टिसौं विलोकत बन्ध्यौसौ दीसै,
निहचैं निहारत न बांध्यौ यह किनिहीं ।
एक पच्छ बन्ध्यो एक पच्छसौं अवन्ध सदा,
दोऊ पच्छ अपनैं अनादि धरे इनिहीं ॥
कोऊ कहै समल बिमलरूप कोऊ कहै,
चिदानन्द तैसौइ बखान्यौ जैसौ जिनिहीं ।
बन्ध्यौ मानै खुल्यौ मानै दोउ नैको भेद जानै,
सोइ ग्यानवन्त जीव तत्त्व पायौ तिनिहीं ॥ २६ ॥

જેમ કમળને જડના સંબંધથી જુઓ તો તે પાણીમાં ડૂબેલું દેખાય છે પણ કમળના નિર્લેપ સ્વભાવથી જુઓ તો કમળ પાણીને અડયું જ નથી તેમ, વર્તમાન જ્ઞાનના લક્ષે કર્મના સંબંધથી જુઓ તો આત્મા કર્મથી બંધાયેલો દેખાય છે પણ આત્માને તેના સ્વભાવથી જુઓ તો, એ અબંધસ્વભાવીને કોણ બાંધી શકે? એ તો મુક્ત જ છે. એક પેટીમાં તમે ડબીની અંદર ડબીમાં એક નાની ડબ્બીની અંદર પાંચ લાખનું રત્ન મૂકયું હોય તે તમારે જોઈતું હોય તો બંધનમાં છે એમ લાગે પણ તમારા જ્ઞાનમાં લેવું હોય તો પેટી કે ડબ્બી કાંઈ આડું આવે! સીધું જ્ઞાનમાં જણાય અને રતનની પોતાની અપેક્ષાએ જુઓ તો તે પણ બંધનથી રહિત છે. રતન છે તેમાં કાંઈ બંધન આવી ગયું નથી.

રતનની જેમ, વ્યવહારનયથી આત્મા શરીર, કર્મ અને રાગથી બંધાયેલો જણાય છે એ જ વખતે નિશ્ચયનયથી જુઓ તો આત્મા તો તે બધાંથી મુક્ત જ છે. જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા સદાય અબદ્ધસ્પષ્ટ છે. પણ જ્યાં સુધી રાગથી એમ વિચારે છે—ઘોલન કરે છે કે હું અબદ્ધ છું એ પણ નિશ્ચયનયનો એક પક્ષ છે—અનુભવ નથી. માટે કહ્યું છે કે નિશ્ચયનયના વિકલ્પ સુધી આવ્યો તોપણ તેથી શું! હું શુદ્ધ છું, અબંધ છું, નિર્મળ છું એવી વિચારની ભૂમિકામાં રાગમાં આવ્યો તોપણ તેથી

શું ! કારણ કે એવા વિચારમાત્રથી વસ્તુની શ્રદ્ધા કે વસ્તુની પ્રાપ્તિ થઈ જતી નથી.

વ્રત પાળવા, તપ કરવું, બ્રહ્મચર્ય પાળવું, કંદમૂળ ન ખાવું, છ પર્વમાં લીલોતરી ન ખાવી વગેરેમાં જ જેણે ધર્મ માન્યો છે તેને આ વીતરાગની વાત ક્યાંથી બેસે! એ...પરને ત્યાગ કરું અને ગ્રહણ કરું એવી તારી દૃષ્ટિ જ મિથ્યા છે. અબદ્ધ સ્વરૂપ આત્મામાં પરનું ગ્રહણ-ત્યાગ છે જ નહિ. સંપ્રદાયમાં હતા તે વખતે વ્યાખ્યાનમાં કીધું, તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય તે ભાવ ધર્મ નથી, પંચમહાવ્રત પાળવાના ભાવ તે ધર્મ નથી, શુભરાગ છે. એ સાંભળીને બીજા સાધુ વોસરે...વોસરે કરવા લાગ્યા. વોસરે એટલે છોડી દ્યો આવી વાત છોડી દ્યો એમ કહીને એ તો ઊભા થઈને ચાલ્યા ગયા પણ સભા તો સાંભળવામાં લીન હતી.

કોઈ મોટા શેઠને કોઈ માણસ નિર્ધન કહે તેથી શું એ નિર્ધન થઈ જાય? શું એ પોતાને નિર્ધન માનવા લાગે? શેઠ તો કહે છે, મને નિર્ધન કહો તોપણ હું કાંઈ નિર્ધન થઈ જવાનો નથી. મારે આંગણે લખી જાય તોપણ હું નિર્ધન થઈ જવાનો નથી. તેમ, આ અનાકુળ આનંદના નાથ એવા આત્માને ગરીબ સમજીને કોઈ રાગવાળો કહે તેથી એ રાગી થઈ જતો નથી. એ તો સાક્ષાત્ ભગવાન છે. ભગવાન જેવી અનંતી પર્યાય લઈને એ બેઠો છે.

હવે કોઈ બંધવાળો છું, રાગી છું એવો વિચાર તો ન કરે પણ હું અબદ્ધ છું એવો વિચાર કરે તોપણ તે વિકલ્પ છે તેના પક્ષમાં એ ઊભો છે, તેને હજુ અબદ્ધનો અનુભવ નથી. આ તો ભાઈ! ચોરાશીના અવતાર છૂટીને મુક્ત થવાની વાત છે એ કાંઈ રાંકાનો માર્ગ નથી.

**કોઊ કહે સમલ-વિમલરૂપ...** કોઈ કહે કે આત્મામાં-પર્યાયમાં તો મેલ ભર્યો છે અને કોઈ કહે કે આત્મા નિર્મળ છે. ભાઈ! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરદેવે જેવો કહ્યો છે તેવો આત્મા છે. વસ્તુસ્વભાવે આત્મા આનંદકંદ ચિદાનંદ છે અને પર્યાયમાં રાગ છે તેથી આત્માને રાગવાળો પણ કહેવાય છે. માટે, ત્રિકાળ શુદ્ધ દ્રવ્યની અપેક્ષાએ હું અબદ્ધ છું અને નિમિત્તની અપેક્ષાએ પર્યાયમાં બંધ અને રાગાદિ છે એમ ભેદ છે તેને બરાબર જાણીને પછી તે સંબંધી વિકલ્પ છોડીને આત્માનો અનુભવ કરે છે તે આત્માને પામે છે.

આતમ ભાવના ભાવતાં જીવ કેવળજ્ઞાન પામે છે પણ એ ધૂનને ગોખતાં ગોખતાં કેવળજ્ઞાન થતું નથી. ભાવના એટલે કે જેમાં હું અબદ્ધ છું એવો વિકલ્પ પણ ખટકે છે. એ વિકલ્પને છોડીને નિજસ્વરૂપનો અનુભવ કરે છે તે આત્માને પામે છે અને તે જ્ઞાનવંત જીવ કેવળજ્ઞાન અને મુક્તિને પામે છે. માત્ર વિકલ્પ કર્યા કરે છે તે આત્માને પામ્યો નથી. [ ક્રમશઃ ]

—*—

# □ સ્વસંવેદનજ્ઞાનથી આત્મપ્રાપ્તિ □

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

(સળંગ પ્રવચન નં. ૬૮)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. પ્રભાકર ભટ્ટ શિષ્ય, ગુરુ શ્રી યોગીન્દ્રદેવને પ્રશ્ન પૂછે છે કે પ્રભુ! મારે આત્મા જાણવો છે તે કેમ જણાય?

પ્રભાકર ભટ્ટ જેવા શિષ્યો મહાન વિનયથી ગુરુને જ્ઞાનનું સ્વરૂપ પૂછે છે—હે ભગવાન્! જે જ્ઞાનથી ક્ષણભરમાં પોતાનો આત્મા જાણી શકાય તે પરમજ્ઞાનનો મારામાં પ્રકાશ કરો. મારે બીજું કાંઈ જોઈતું નથી. માટે બીજી વિકલ્પ-જાળોથી શું ફાયદો! કાંઈ જ નહિ. મને તો મારો એક આત્મા કેમ જણાય તે સમજાવો.

णाणु पयासहि परमु महु किं अण्णें बहुएण ।
जेण णियप्पा जाणियइ सामिय एक्क-खणेण ॥ १०४ ॥

જુઓ! જે જ્ઞાનવડે...એમ પ્રશ્ન છે. કોઈ નિમિત્તવડે, વિકલ્પવડે, સંયોગવડે કે કોઈ પણ પરદ્રવ્યવડે આત્મા જણાય છે એ પ્રશ્ન જ નથી. તે જાણે છે કે આત્મા જ્ઞાનવડે જ જણાય તેવો છે માટે શિષ્ય પ્રશ્ન જ એમ કરે છે કે જે જ્ઞાનવડે ક્ષણમાત્રમાં આત્માને જાણી શકાય છે એવા નિર્વિકલ્પજ્ઞાનનું સ્વરૂપ મને બતાવો. બીજાં વિકલ્પોથી મારે કાંઈ પ્રયોજન નથી. આમ કહીને બંને વાત મૂકી દીધી કે અમારે એક જ્ઞાનનું જ પ્રયોજન છે અને બીજાં બધાં શુભાશુભ વિકલ્પોથી અમારે કાંઈ પ્રયોજન નથી.

આ શિષ્યના પ્રશ્ન ઉપરથી તેનામાં કેટલી લાયકાત છે તે જણાઈ આવે છે. એટલે અર્થકારે અર્થ પણ એવો કાઢયો છે, જે જ્ઞાનવડે એક આત્માને પમાય એ જ્ઞાનનું સ્વરૂપ મને બતાવો. મારે બીજું કાંઈ પ્રયોજન નથી.

ભાવાર્થ:—યોગીન્દ્રદેવ ભાવલિંગી મુનિ છે. સર્વજ્ઞભગવાને છઠ્ઠા-સાતમા ગુણસ્થાનને ભાવલિંગ તરીકે સ્વીકારેલ છે. એ છઠ્ઠા-સાતમા ગુણસ્થાને યોગીન્દ્રદેવ બિરાજમાન છે. વળી આચાર્યપદવીને પ્રાપ્ત છે. એવા ગુરુને શિષ્ય પૂછે છે હે સ્વામિન્! જે વીતરાગ સ્વસંવેદનજ્ઞાનથી ક્ષણમાત્રમાં શુદ્ધ બુદ્ધ સ્વભાવી પોતાનો આત્મા જણાય તે જ્ઞાનનો મારામાં પ્રકાશ કરો. રાગથી કે રાગવાળા જ્ઞાનથી તો આત્મા ન જણાય એટલે તો શિષ્યે નિર્ણય કર્યો છે તેથી નિર્વિકલ્પ વીતરાગ સ્વસંવેદન-જ્ઞાનનું સ્વરૂપ પૂછે છે.

શિષ્ય કહે છે—પરના લક્ષવાળું જ્ઞાન કે રાગના લક્ષવાળા જ્ઞાનનું મારે કામ નથી. મારે તો વીતરાગી જ્ઞાન જોઈએ છે. **येन ज्ञानेन** એટલે જે જ્ઞાનમાં આત્મા જણાય એવું જ્ઞાન મારે પ્રગટ કરવું છે. આત્મા તો વીતરાગી જ્ઞાનની મૂર્તિ છે. વીતરાગ એટલે નિર્દોષ જ્ઞાનની મૂર્તિ છે. માટે તે જ્ઞાનની નિર્દોષ પર્યાયવડે જ જણાય એ વાત નક્કી છે તો હવે નિર્દોષજ્ઞાનનું સ્વરૂપ મને સમજાવો.

આત્મા કેવો છે?—કે શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવી છે. શુદ્ધ એટલે નિર્મળ-નિર્દોષ-વીતરાગ-પવિત્ર. બુદ્ધ એટલે જ્ઞાનનો પિંડ છે અને એક એટલે અનંત ગુણ અભેદપણે એકરૂપે રહેલા હોવાથી આત્મા એકસ્વભાવી છે. તે પોતાનો આત્મા વીતરાગ સ્વસંવેદનજ્ઞાનથી જ જણાય છે. બીજાં શાસ્ત્ર ભણતરથી કે લોકાલોકના જ્ઞાનથી કે બીજાને સમજાવવાથી મારા આત્માનું જ્ઞાન થતું નથી માટે તે કોઈનું મારે પ્રયોજન નથી. મને તો એક મારા આત્માનું જ્ઞાન શીખવો. હું બીજાને શિખવાડી શકું એવું જ્ઞાન મને આપો એવું શિષ્ય માંગતો નથી.

દયા, દાન, વ્રત, ભક્તિના રાગથી આત્મા જણાય તેવો નથી માટે એવા વિકલ્પોથી મારે પ્રયોજન નથી. શિષ્યની ભૂમિકા એવી સુધરેલી છે કે તેને બીજો કોઈ પ્રશ્ન ઊઠતો નથી. મને તો મારો આત્મા જણાય એવું જ્ઞાન સમજાવો. શિષ્યે ભૂમિકા સુધારીને પ્રશ્ન કર્યો છે. બીજાં કોઈ વિકલ્પોથી મારે પ્રયોજન નથી કેમકે તે તો બધાં રાગાદિ વધારવાવાળા છે. આત્માની શાંતિને વધારનારા નથી.

શિષ્યની પાત્રતા કેવી હોય, તેને આત્મા સમજવાની કેવી ધગશ હોય તેનું આ વર્ણન છે. શ્રીમદ્‌માં પણ આવે છે ને!......બીજો નહિ મનરોગ. કંઈક શીખીએ, બીજાને જવાબ દેતા આવડે, બીજાથી અધિક થઈએ, વાદવિવાદ કરતા આવડે એવું કાંઈ તેને શીખવું નથી. એ કાંઈ અમારું કામ નથી. અમને તો અમારો શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવ આત્મા કેમ પમાય એ વાત કરો.

નિજ શુદ્ધાત્મ અનુભવરૂપ નિજજ્ઞાન કે જે મિથ્યાભ્રાંતિ, અજ્ઞાન અને રાગાદિ મેલથી રહિત છે એવા નિજ શુદ્ધાત્માના અનુભવજ્ઞાનવડે અંતર્મુહૂર્તમાં જ પરમાત્માનું સ્વરૂપ જાણવામાં આવે છે. પરમાત્મા એટલે પોતાના શુદ્ધસ્વભાવનું જ્ઞાન થાય છે. આહાહા...! આમાં એકલું માખણ ભર્યું છે. જે જ્ઞાનવડે નિજશુદ્ધાત્મા અનુભવમાં આવે છે તે જ્ઞાનમાં ક્ષણમાં પરમાત્મસ્વરૂપ જણાય છે માટે તે જ્ઞાન જ ઉપાદેય છે. શુદ્ધાત્મા તો ઉપાદેય છે જ. પણ, પ્રગટ કરવાની અપેક્ષાએ સ્વસંવેદનજ્ઞાન ઉપાદેય છે માટે શિષ્યે એ જ્ઞાનનું સ્વરૂપ સમજાવવાની ગુરુને પ્રાર્થના કરી.

શિષ્યની પ્રાર્થનાના ઉત્તરમાં શ્રીગુરુ ચાર દોહાસૂત્રોથી જ્ઞાનનું સ્વરૂપ પ્રકાશે છે.

अप्पा णाणु मुणेहि तुहुँ जो जाणइ अप्पाणु ।
जीव-पएसहि तित्तिडउ णाणे गयण-पवाणु ॥ १०५ ॥

શ્રીગુરુ કહે છે હે પ્રભાકર ભટ્ટ! તું આત્માને જ જ્ઞાન જાણ. જ્ઞાનરૂપ આત્મા નિશ્ચયથી લોકપ્રમાણ છે અને વ્યવહારથી આત્માનો સંકોચ-વિસ્તાર સ્વભાવ હોવાથી શરીરપ્રમાણ છે.

આત્મા લોકપ્રમાણ અસંખ્યપ્રદેશી છે એ વાત સર્વજ્ઞ સિવાય બીજાં કોઈ પાસે ન હોય. અસંખ્યપ્રદેશમાં આત્માનો શુદ્ધ, બુદ્ધ એકસ્વભાવ વ્યાપેલો છે. માટે શુદ્ધ, બુદ્ધ એકસ્વભાવી તે આત્મદ્રવ્ય છે, અસંખ્યાત પ્રદેશ તે તેનું ક્ષેત્ર છે, સ્વસંવેદનજ્ઞાન તે આત્માનો સ્વકાળ છે અને શુદ્ધ, બુદ્ધ ચૈતન્યસ્વભાવ તે આત્માનો ભાવ છે. આ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તે આત્માના સ્વચતુષ્ટય છે. આવા સ્વચતુષ્ટય સર્વજ્ઞ સિવાય બીજા કોઈ મતમાં ન હોય. દરેક વસ્તુ પોતાના ગુણ-પર્યાયમાં જ રહેલી છે. દરેક વસ્તુને પોતાનું સ્વક્ષેત્ર હોય છે. આત્મા પોતાના અસંખ્યપ્રદેશમાં રહેલો છે. તે પ્રદેશોની સંખ્યા લોકના પ્રદેશ જેટલી છે. આ અસંખ્યાત પ્રદેશમાં આત્મા વ્યાપેલો હોય છે.

ગાથા દીઠ અલગ અલગ વાત કહેવાય છે.

જે વર્તમાન જ્ઞાનની પર્યાયમાં શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવ આત્માનું જ્ઞાન થાય છે તે સ્વસંવેદનજ્ઞાન છે તેના વડે એક ક્ષણમાં આત્માને પામી શકાય છે. શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવવાળી વસ્તુ પોતાના અસંખ્યપ્રદેશમાં વસેલી છે. બીજે બહારમાં ક્યાંય એ વસ્તુ વ્યાપક નથી. માટે જીવે પોતાના ભાવજ્ઞાન દ્વારા આ અસંખ્યપ્રદેશમાં જ એકાગ્ર થવાનું છે. સ્વસંવેદનજ્ઞાનરૂપ સ્વકાળમાં, અનંત ગુણના ભાવવાળી વસ્તુમાં એકાગ્રતા કરવી છે તો પ્રશ્ન તો થાય કે તેનું ક્ષેત્ર કેવડું છે! અર્થાત્ કેટલા ક્ષેત્રમાં એકાગ્ર થવાનું છે? તેનો આ જવાબ છે કે આત્મા પોતાના અસંખ્ય પ્રદેશમાં જ રહેલો છે તેનાથી બહાર તે વ્યાપતો નથી. માટે, આ અસંખ્યપ્રદેશમાં જ પોતાના જ્ઞાનને એકાગ્ર કરવાનું છે.

જ્ઞાન પોતાના અસંખ્યપ્રદેશોમાં જ રહેલું હોવા છતાં તે જાણે છે આખા લોકાલોકને. તેથી જાણવાની અપેક્ષાએ જ્ઞાનને સર્વવ્યાપક કહેવાય છે પણ તેનું સ્વક્ષેત્ર તો પોતાના અસંખ્યપ્રદેશ પ્રમાણ જ છે. (વેદાંતથી જુદું પાડવા માટે, વસ્તુનું એક એક સ્વરૂપ અહીં સિદ્ધ કરવા માગે છે.) આત્મા જ્ઞાનપ્રમાણ છે અને જ્ઞાન જ્ઞેયપ્રમાણ

છે એમ જે કહેવામાં આવ્યું છે તે જ્ઞાન સર્વ જ્ઞેયોને જાણે છે એ અપેક્ષાએ કહેવાય છે. વ્યવહારથી તે કથન છે. બાકી નિશ્ચયથી જ્ઞાન પોતાના અસંખ્યપ્રદેશમાં જ વ્યાપેલું છે.

આત્માના પ્રદેશોમાં સંકોચ-વિસ્તાર થવાનો સ્વભાવ હોવાથી જ્યારે જેવડા શરીરમાં આત્મા વસેલો હોય છે ત્યારે આત્માના પ્રદેશો પણ શરીરના પ્રમાણમાં સંકોચાયેલા હોય છે માટે આત્માને શરીરપ્રમાણ પણ કહેવાય છે. શરીરથી બહારના ક્ષેત્રમાં આત્માના પ્રદેશો હોતા નથી. શરીર જેવડા જ ક્ષેત્રમાં આત્માના અસંખ્ય પ્રદેશો વસેલા છે અને એટલા ક્ષેત્રમાં જ અનંત ભાવો વસેલા છે. એક આત્મા તેના અસંખ્ય પ્રદેશ અને તેમાં અનંત અનંત ગુણો એક જ ક્ષેત્રમાં વસેલા છે. જ્ઞાન, આનંદ, સુખ, વીર્ય, સ્વચ્છત્વ, પ્રભુત્વ આદિ અનંત ગુણો અને એક એક ગુણમાં અનંત સામર્થ્ય એ બધું આત્માના સ્વક્ષેત્રની અંદર રહેલું છે.

આમ, જ્ઞાન અર્થાત્ આત્મા દેહપ્રમાણ પણ કહેવાય છે અને અસંખ્યપ્રદેશની અપેક્ષાએ લોકપ્રમાણ પણ કહેવાય છે. લોકના પ્રદેશોની જેટલી સંખ્યા છે એટલી જ આત્માના પ્રદેશોની સંખ્યા છે પણ આત્મા આખા લોકમાં વ્યાપી જતો નથી. આત્મા તો દેહપ્રમાણ સ્વક્ષેત્રમાં જ વ્યાપે છે. સંસારદશામાં આત્માની પર્યાયમાં સંકોચ-વિસ્તાર થવાની યોગ્યતા હોવાથી હાથીના શરીરમાં જાય તો આત્મા હાથીના શરીર પ્રમાણમાં વ્યાપે છે. કીડીના શરીરમાં જાય તો આત્માના પ્રદેશો સંકોચાઈને એટલા જ ક્ષેત્રમાં રહે છે. પ્રદેશોની સંખ્યામાં વધ-ઘટ ન થાય, પ્રદેશો નાના-મોટા ન થાય પણ તેનો વિસ્તાર હોય તે સંકોચ પામે. એવો એ પર્યાયનો સંકોચ-વિસ્તાર સ્વભાવ સ્વતઃ જ છે.

ભાવાર્થ:—નિશ્ચયનયથી અર્થાત્ સત્ય દૃષ્ટિથી જોઈએ તો મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ—આ પાંચ જ્ઞાનોથી અભિન્ન તથા વ્યવહારનયથી જ્ઞાનની અપેક્ષારૂપ જોવામાં નેત્રોની જેમ લોક-અલોકમાં વ્યાપક છે. અર્થાત્ જેમ આંખરૂપી પદાર્થને જુએ છે પણ તે-રૂપ થઈ જતી નથી. તેમ આત્મા લોકાલોકને જાણે છે પણ લોકાલોકરૂપ થઈ જતો નથી, પોતાના સ્વરૂપે જ રહે છે.

મતિ, શ્રુત આદિ પાંચ પર્યાયોથી આત્મા જુદો નથી, અભિન્ન છે. ત્રિકાળ જ્ઞાનગુણ તેની પાંચ પર્યાયોથી અભિન્ન છે અને તે અસંખ્ય પ્રદેશોમાં જ વ્યાપક છે. કેવળજ્ઞાન થાય એટલે કાંઈ જ્ઞાન વધી ગયું અને આખા લોકાલોકમાં ફેલાય જાય છે એમ નથી. પોતાના અસંખ્યપ્રદેશમાં રહીને જ જ્ઞાન સર્વને જાણે છે. અવધિજ્ઞાનમાં અસંખ્ય દ્વીપ, સમુદ્ર સુધીના પદાર્થો જ્ઞાનમાં જણાય છે પણ તે પોતામાં રહીને જ

જણાય છે. જ્ઞાન કાંઈ આત્માથી જુદું પડીને તે પદાર્થને જોવા જતું નથી. જ્ઞાન અને આત્મા ત્રણે કાળ અભિન્ન જ છે. જ્ઞાનની પર્યાય આત્માથી ભિન્ન પડીને ક્યાંય જતી નથી. જ્ઞાનની પર્યાય આત્મામાં અભિન્ન છે. બાળકો ! આમાં ધ્યાન રાખો. વાતો કરતાં કરતાં આ વાત સમજાય તેમ નથી. સૂક્ષ્મ વાત છે.

તારો મતિજ્ઞાનનો કણિયો જાગે તે પણ દ્રવ્ય, ગુણથી અભિન્ન છે અને શ્રુતજ્ઞાન થોડું જાગે કે બાર અંગને જાણતું શ્રુતજ્ઞાન જાગે તે પણ આત્માથી અભિન્ન છે. આત્માના અસંખ્યપ્રદેશમાં જ આ મતિ–શ્રુતાદિ જ્ઞાનની પર્યાય થાય છે. અસંખ્યાત દ્વીપ, સમુદ્ર સુધીના રૂપી પદાર્થને જાણતી અવધિજ્ઞાનની પર્યાય પણ આત્મા સાથે અભિન્ન છે. તે આત્માના અસંખ્યપ્રદેશમાં જ વ્યાપે છે, તેનાથી બહાર વ્યાપતી નથી.

શ્રોતા:—પર્યાય તો ઉપર ઉપર તરે છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી:—હા, પર્યાય ઉપર-ઉપર જ તરે છે. દ્રવ્યની અંદર પ્રવેશી ગઈ નથી પણ, દ્રવ્યના પ્રદેશોમાં જ પર્યાય થાય છે. તેનાથી બહાર પર્યાય થતી નથી એમ કહેવું છે. પર્યાય પોતાનું ક્ષેત્ર છોડીને દૂર જતી નથી. પર્યાય દ્રવ્ય, ગુણ સાથે અભિન્ન છે. અસંખ્યપ્રદેશી ભગવાન આત્મા, તેમાં એકરૂપ ત્રિકાળી જ્ઞાનગુણ અને તેની એક સમયની પ્રગટતી પર્યાય એ દ્રવ્ય–ગુણરૂપ થઈ જતી નથી, ઉપર-ઉપર જ તરે છે પણ અસંખ્યપ્રદેશને છોડીને બહાર નીકળતી નથી. જ્ઞાન ખૂબ વધી ગયું માટે ઘણાં જ્ઞેયોને જાણે છે તો સ્વક્ષેત્રમાંથી બહાર નીકળી જાય છે, એમ નથી.

ગાથા દીઠ નવી વાત કહેવા માટે નવી ગાથા ઉપાડે છે. એની એ વાત નથી.

મન:પર્યયજ્ઞાન પ્રગટ થાય તે અઢીદ્વીપના મનુષ્યો અને તિર્યંચોના મનની વાત જાણી લે છે પણ તે જાણવા માટે કાંઈ તેને મનુષ્ય, તિર્યંચની પાસે જવું પડતું નથી. પોતાના અસંખ્યપ્રદેશમાં રહીને જ પર્યાય બધું જાણે છે. એક અંશમાત્ર પણ તેને પોતાના ક્ષેત્રથી બહાર જવું પડતું નથી. પોતાના દ્રવ્ય, ગુણ સાથે અભિન્ન રહીને જ્ઞાનની પર્યાય જાણવાનું કાર્ય કરે છે.

એ જ રીતે, કેવળજ્ઞાન પર્યાય આખા લોકાલોકને જાણે છે પણ પોતાના અસંખ્યપ્રદેશથી બહાર વ્યાપતી નથી. કેવળ એટલે એકલું ત્રિકાળી જ્ઞાન છે એ તો શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ ધ્રુવ છે તે તો દ્રવ્યની બહાર નથી પણ પ્રગટેલી કેવળજ્ઞાન પર્યાય પણ દ્રવ્યથી બહાર વ્યાપતી નથી. દ્રવ્ય, ગુણ, પર્યાય પોતાના અસંખ્યપ્રદેશમાં અભિન્નપણે રહેલા છે.

એ બાળકો ! ગુણની વ્યાખ્યા શીખ્યા છો ને ! ગુણ કોને કહેવાય ?—જે દ્રવ્યના

પૂરા ભાગમાં અને તેની સર્વ હાલતમાં રહે તેને ગુણ કહેવાય છે. આ ભાષા તો શીખ્યા છો હવે તેનો ભાવ સમજો. આત્મા એક દ્રવ્ય છે અને જ્ઞાન તેનો ગુણ છે તેથી જ્ઞાન આત્માના અસંખ્ય પ્રદેશોમાં અને સર્વ હાલત એટલે મતિ, શ્રુત, અવધિ આદિ બધી પર્યાયમાં વ્યાપેલું છે. એક પ્રદેશ પણ જ્ઞાન આત્માથી દૂર રહેતું નથી. આત્મામાં જ રહે છે. કેવળજ્ઞાન પર્યાય તો આખા લોકાલોકને જાણે છે પણ આત્માના પ્રદેશથી બહાર નીકળતી નથી. જ્ઞાનગુણ તે હાલતમાં એટલે પર્યાયમાં રહેલો છે પણ દ્રવ્યની બહાર જ્ઞાનગુણ આવતો નથી.

જ્ઞાનગુણ આત્મામાં ત્રિકાળ રહે છે અને જ્ઞાનની પર્યાય એક સમય માત્ર જ રહે છે પણ આત્માના પૂરા પ્રદેશમાં વ્યાપે છે. જ્ઞાનની જેમ બધા જ ગુણો અનાદિ અનંત આત્માના અસંખ્યપ્રદેશમાં વ્યાપેલા છે અને પર્યાયો એક સમય પૂરતી હોય છે પણ અસંખ્યપ્રદેશમાં વ્યાપે છે. આ બધું વસ્તુનું સ્વરૂપ એ માટે કહેવાય છે કે આનાથી વિપરીત કોઈ કહેતું હોય તો તે સાચું નથી. સર્વજ્ઞભગવાને જોયેલું વસ્તુનું સ્વરૂપ આવું છે એવું જ કહ્યું છે માટે તું એવું જ જાણ! સ્વસંવેદન જ્ઞાનવડે આત્માને જાણ ત્યારે તે આત્માને જાણ્યો કહેવાશે, ત્યારે જ તને ધર્મ થશે.

અહીં કહે છે કે નિશ્ચયથી જુઓ તો મતિ, શ્રુત આદિ પાંચેય પર્યાય દ્રવ્યથી અભિન્ન છે. પર્યાય અંશે ઉઘડેલી હોય કે પૂરી ઉઘડેલી (પ્રગટ થયેલી) હોય તેથી તેનું ક્ષેત્ર કાંઈ નાનું-મોટું થતું નથી. ભાવમાં અલ્પતા હોય કે વિકાસ હોય એ ભાવની અચિંત્યતા છે. ક્ષેત્રથી તો દરેક પર્યાય દ્રવ્યના પૂરા ભાગમાં જ વ્યાપે છે.

ભગવાન તીર્થંકર અને કેવળીએ કહેલું છે તે કહેવાય છે. પણ તે કદી સાંભળ્યું નથી તેથી નવું લાગે છે.

નિશ્ચયથી જ્ઞાનપર્યાય સ્વક્ષેત્રમાં જ વ્યાપે છે પણ વ્યવહારથી જેમ, આંખ બધે ફરી વળે છે એમ કહેવાય છે તેમ જ્ઞાન લોકાલોકને જાણતું હોવાથી સર્વવ્યાપક કહેવાય છે પણ જ્ઞાન આત્મદ્રવ્યમાંથી બહાર નીકળતું નથી. જેટલા લોકના પ્રદેશ છે એટલા જ જીવના પ્રદેશ છે, તેથી જીવને લોકપ્રમાણ કહેવાય પણ જીવ લોકપ્રમાણ થતો નથી. જીવ તો દેહપ્રમાણ પોતાના ક્ષેત્રમાં રહેલો છે. લોકપ્રમાણ થવાની જીવમાં યોગ્યતા છે પણ વર્તમાનમાં તો શરીરપ્રમાણ ક્ષેત્રમાં જ વ્યાપેલો છે.

હવે મૂળ પ્રશ્ન તો એ છે કે આવો આત્મા જણાય કેવી રીતે? કોને જણાય? કે જે પુરુષ એટલે કે આત્મા (૧) આહાર (૨) ભય (૩) મૈથુન અને (૪) પરિગ્રહ આ ચાર વાંછાઓ સ્વરૂપ સમસ્ત વિકલ્પોના તરંગને છોડીને પોતાના આત્માને જાણવા

માંગે છે તે અનુભવ અર્થાત્ સ્વસંવેદન જ્ઞાનવડે આત્માને જાણી શકે છે. તે પુરુષ તે જ્ઞાનથી અભિન્ન હોવાથી તેને જ જ્ઞાન કહેવામાં આવે છે. આત્મા અને જ્ઞાનમાં ભેદ નથી, આત્મા જ જ્ઞાન છે.

અહીં સારાંશ એ છે કે નિશ્ચયનયથી પાંચ પ્રકારના જ્ઞાનથી અભિન્ન પોતાના આત્માને જે ધ્યાની જાણે છે તે આત્માને તું ઉપાદેય જાણ. ધ્યાની એટલે કે જે અંતરમાં એકાગ્ર થઈને આત્માને સ્વસંવેદન જ્ઞાનવડે જાણે છે તેને આત્મા જણાય છે. ધ્યાનમાં જ સ્વસંવેદનજ્ઞાન હોય છે માટે ધ્યાનકાળે આત્મા જણાય છે એમ અહીં કહેવા માગે છે. એ આત્માને જ તું ઉપાદેય જાણ! અંગીકાર કરવા લાયક માન.

પાંચ જ્ઞાનથી અભિન્ન એવા આત્માને સર્વ વિકલ્પોથી દૂર થઈ, અરાગી જ્ઞાન દ્વારા 'આ આત્મા...' છે એવો અનુભવ કર! ધ્યાનમાં આત્માને ધ્યાવ! જેમ અનાદિથી શુભ અને અશુભ પરિણામમાં એકાગ્રતા કરી છે તે આસ્રવનું ધ્યાન છે તેમાં તો મલિનતાનો અનુભવ થયો છે. હવે તારે નિર્મળ આત્મતત્ત્વનો અનુભવ કરવો હોય તો સર્વ વિકલ્પતરંગોને છોડીને સ્વસંવેદનજ્ઞાન વડે આત્માને ધ્યાવ! તો તને આનંદનો અનુભવ થશે. શુભાશુભ વિકલ્પોનો આકુળ સ્વાદ તેમાં નહિ આવે.

જે પુરુષ શુભાશુભ આસ્રવના વિકલ્પને જ ધ્યાવે છે તેને આત્મા શું વસ્તુ છે અને તેનો અનુભવ કેવો છે તેની ખબર જ નથી. હવે તેને જો આત્માનો અનુભવ કરવો હોય તો આસ્રવનું ધ્યાન છોડીને સંવર-નિર્જરા પ્રગટ કરે તો સ્વસંવેદનમાં આત્માનો અનુભવ થાય એટલે 'આ આત્મા છે' એમ જણાશે.

વીતરાગ પરમેશ્વરની મૂળ વિદ્યા જે—'સમ્યગ્જ્ઞાન અને આત્મજ્ઞાન' તે આ કાળમાં લુપ્ત થઈ ગઈ છે. તેને કોઈ જાણતું નથી. બહારની ક્રિયા કરીને સંતોષ માને છે.

સર્વ વિકલ્પની વાંછાથી રહિત થઈને આત્મા તરફ ઢળ તો વાંછા રહિત નિર્વિકારી પર્યાય દ્વારા સ્વસંવેદનજ્ઞાનમાં આત્માને જાણ એટલે કે તેમાં એકાગ્ર થા. તો આત્મા કેવો છે તે જણાશે. આસ્રવમાં એકાગ્રતાથી આસ્રવને જાણતો હતો તેમ હવે આત્મામાં એકાગ્રતાથી આત્મા જણાશે. આસ્રવને જાણતો અને રાગરૂપે પરિણમતો આત્મા 'પરસમય' છે—મિથ્યાદૃષ્ટિ છે અને એક જ સમયમાં સ્વને જાણતો અને સ્વરૂપે પરિણમતો આત્મા 'સ્વસમય' છે એમ પ્રતીત કરવામાં આવે છે. શુદ્ધ ચિદાનંદઘનને જાણતો અને તેમાં એકાગ્ર થતો આત્મા સ્વસમય છે.

પોતાને જાણતો, પોતામાં રહ્યો તે સ્વસમય થયો અને રાગ-દ્વેષમાં રહ્યો તે પરસમય થયો.

શ્રોતા:—બંનેમાં ધ્યાન તો છે પણ રીતમાં ફેર છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી:—રીતમાં નહિ, ધ્યેયમાં ફેર છે. પરસમયને રાગનું ધ્યાન છે એટલે રાગમાં એકાગ્રતા છે જ્યારે સ્વસમયને આત્માનું ધ્યાન છે અને આત્મામાં એકાગ્રતા છે. રાગમાં એકાગ્ર થાય છે તે મિથ્યાદૃષ્ટિ જીવ છે અને આત્મામાં એકાગ્ર થાય છે તે સમ્યગ્દૃષ્ટિ છે. જે આત્મામાં એકાગ્ર થાય છે તે આત્મા જ ઉપાદેય છે.

આ જ વાત સિદ્ધાંતમાં દરેક જગ્યાએ કહી છે. સમયસારની ૨૦૪ ગાથા " आभिणि '....માં આ જ કહ્યું છે—મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન આ પાંચ પ્રકારના સમ્યગ્જ્ઞાન એક આત્માના જ સ્વરૂપ છે. અહીં પર્યાય સહિતનું દ્રવ્ય લેવું છે એ અપેક્ષા બરાબર સમજવી. ધ્રુવદ્રવ્યની વાત અહીં નથી. નિશ્ચયથી તો ત્રિકાળી ધ્રુવદ્રવ્ય તે જ આત્માનું સ્વરૂપ છે પણ અહીં પ્રગટેલી નિર્મળ પર્યાય દ્રવ્ય સાથે અભેદ થાય છે. અને તેમાં વિકાર નથી માટે તેને આત્માનું સ્વરૂપ કહ્યું છે.

વીતરાગ મારગને સમજ્યા વગર લોકો બીજે રસ્તે ચડી ગયા અને આ એકાંત છે...એકાંત છે એમ વિરોધ કરવા લાગ્યાં. વિકલ્પથી પણ આત્માને લાભ થાય અને આત્મામાં એકાગ્રતાથી પણ આત્માને લાભ થાય તો અનેકાંત કહેવાય એમ માને છે પણ ભાઈ ! અનેકાંત તો એ છે કે શુદ્ધાત્માની દૃષ્ટિ, જ્ઞાન અને તેમાં સ્થિરતાથી આત્માને લાભ થાય, બીજાં કોઈથી લાભ ન થાય. આ સમ્યક્ અનેકાંત છે.

અરે ! અંતરની વસ્તુ એના ઘરમાં જ પડી છે પણ એ બહાર ગોતવા નીકળી પડ્યો છે.

રાગાદિ આત્માથી ભિન્ન છે કેમકે એ તો આસ્રવતત્ત્વ છે અને મતિ, શ્રુત આદિ તો આત્માથી અભિન્ન છે માટે તે આત્માથી બહાર ન હોય. ભગવાન આત્મા વીતરાગ વિજ્ઞાનઘન છે તેમાં એકાગ્ર થતાં જે મતિ, શ્રુત, અવધિ આદિ જ્ઞાન થયા તે આત્માનું જ તત્ત્વ છે માટે આત્માથી અભેદ છે. જુદા પડતા નથી. જુદા જુદા જ્ઞાનની પર્યાય પણ એક સામાન્યજ્ઞાનને અભિનંદે છે—એકને ટેકો આપે છે. સ્વભાવમાં એકપણાને પામે છે. તેનું લક્ષ ભેદ ઉપર નથી.

આત્મા વિના આ પાંચ જ્ઞાન હોઈ શકતાં નથી. આત્માના ક્ષેત્રથી તે બહાર નથી. આ પાંચ જ્ઞાનની પર્યાય જેમાં પ્રગટે છે એવો આત્મા જ પરમ અર્થ-પદાર્થ છે. જેને પામીને આ જીવ નિર્વાણને પામે છે.

મતિ-શ્રુતજ્ઞાનના સમ્યક્પણાને પામીને આત્મા સમ્યક્જ્ઞાન વડે જ મુક્તિને પામે છે. મતિ-શ્રુતજ્ઞાન દ્વારા આત્માને જાણીને, વેદીને...એ જ્ઞાન દ્વારા જ આત્મા મુક્તિ પામે છે. વચ્ચે આવતાં કોઈ વિકલ્પ દ્વારા કે નિમિત્ત દ્વારા મુક્તિને પામતો નથી.

હવે ૧૦૬ ગાથામાં પરભાવનો નિષેધ કરે છે.

अप्पहं जे वि विभिण्ण वढ ते त्रि हवंति ण णाणु ।
ते तुहुँ तिण्णि वि परिहरिवि णियमिं अप्पु वियाणु ॥ १०६ ॥

હે શિષ્ય ! આત્માથી જે ભાવ જુદા છે તે જ્ઞાન નથી, તે આત્મા નથી. તે બધાં ભાવ જ્ઞાનથી રહિત જડરૂપ છે. એવા આ ધર્મ, અર્થ અને કામ ત્રણેય ભાવોને છોડીને તું નિશ્ચયથી આત્માને જાણ ! ધર્મ એટલે આત્માનો સ્વભાવ નહિ પણ મુનિપણામાં આવતો પંચમહાવ્રતાદિ ક્રિયાનો રાગ તે આત્મા નથી, જ્ઞાન નથી. સ્વસંવેદનજ્ઞાન તે જ જ્ઞાન છે. મુનિપણામાં આચરણનો વિકલ્પ છે તે જ્ઞાન નથી, માટે તે આત્મા નથી. અર્થ એટલે સાંસારિક પ્રયોજનની સિદ્ધિ જેનાથી થાય છે તે ભાવ પણ આત્મા નથી અને કામ એટલે વિષય અભિલાષા તે પણ આત્માનો ભાવ નથી, જ્ઞાન નથી. માટે આ ધર્મ, અર્થ અને કામ ત્રણેય ભાવ આત્માના જ્ઞાનથી ભિન્ન હોવાથી આત્મા નથી. આ વાત આગળ વિશેષ કહેવાશે. [ ક્રમશઃ ]


અધ્યાત્મ સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં પુરુષો માટે

## ✠ જૈન ધાર્મિક શિક્ષણ વર્ગ ✠

અધ્યાત્મયુગપ્રવર્તક દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં, પ્રતિવર્ષ અનુસાર, પૂજ્ય બહેનશ્રીની કલ્યાણવર્ષિણી ૮૩મી મંગળ જન્મજયંતી પ્રસંગે, તા. ૧૧–૮–૯૬ રવિવારથી તા. ૩૦–૮–૯૬ શુક્રવાર—વીસ દિવસ સુધી પુરુષો માટે "જૈન ધાર્મિક શિક્ષણ-વર્ગ"નું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને પધારવા માટે સાદર નિમંત્રણ છે.

**સૂચના**—(૧) શિક્ષણાર્થીઓ માટે આવાસ–ભોજન–વ્યવસ્થા નિઃશુલ્ક છે. (૨) બેડિંગ આદિ આવશ્યક વસ્તુ અવશ્ય સાથે લાવે. (૩) ઉત્તમવર્ગમાં શ્રી સમયસાર પૂર્વરંગ અને મોક્ષમાર્ગપ્રકાશક–ઉભયાભાસ–વિષય ઉપર તથા મધ્યમવર્ગમાં પ્રશ્નોત્તરમાળા તેમ જ છહઢાળા ઉપર શિક્ષણ આપવામાં આવશે.

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

બાર પ્રકારના તપના અધિકાર છે. બારભાવનામાં છેલ્લી ધર્માનુપ્રેક્ષા પૂરી થઈ તેમાં શ્રાવકના બાર પ્રકારના ધર્મની વાત આવી હતી, તે ધર્મમાં સમ્યગ્દર્શનરૂપી ધર્મ પહેલો હતો, પછી મુનિના દશ પ્રકારના ધર્મની વ્યાખ્યા થઈ. હવે બાર પ્રકારના તપની વ્યાખ્યા કરે છે. એમાં પહેલો અનશન તપ છે, તે તપ આત્માના ભાન વિના જે કરે છે તેને ક્લેશ હોય છે. તે હવેની ગાથામાં કહે છે.

उववासं कुव्वाणो आरंभं जो करेदि मोहादो ।
तस्स किलेसो अवरं कम्माणं णेव णिज्जरणं ॥४४२॥

અર્થ:—" જે ઉપવાસ કરતો થકો પણ મોહથી આરંભ-ગૃહકાર્યાદિકને કરે છે તેને પ્રથમ ગૃહકાર્યનો ક્લેશ તો હતો જ અને બીજો આ ભોજન વિના ક્ષુધા-તૃષાનો ક્લેશ થયો. એટલે કે એ પ્રમાણે થતા તો ક્લેશ જ થયો પણ કર્મ નિર્જરા તો ન થઈ."

ઉપવાસ કરીને દુકાનના ધંધા કરે કે ઘરના કામો કરે તેને નિર્જરા થતી નથી, હું ચૈતન્ય જ્ઞાતા છું એવું ભાન હોય, ધંધા આદિના અશુભ કામમાં જોડાય નહિ, પણ સ્વાધ્યાય-ધ્યાનાદિ કરે અને આત્માની વિશેષ વિચારણામાં ઉપયોગને જોડે તો તેને તપ અને નિર્જરા હોય છે. પણ સોગઠાંબાજીમાં કે ગંજીપાની રમતમાં કે ઊંઘમાં ઉપયોગને જોડે તો એને તે જાતનો ક્લેશ તો છે, ઉપરાંત ભૂખ-તરસનો વધારે ક્લેશ થાય છે. એમ ક્લેશ થતા એને પાપ જ થાય છે તેથી નિવૃત્તિ લઈને સમ્યગ્દર્શનપૂર્વક આહારની ઇચ્છા ન કરે અને આત્મા શાંતસ્વરૂપ છે એના વિચારમાં વખત ગાળે તો નિર્જરા થાય છે, ઉપવાસાદિ કરીને ક્લેશમાં વખત ગાળે તેને નિર્જરા થતી નથી.

ભાવાર્થ:—" જે આહારને તો છોડે પણ વિષય-કષાય-આરંભને ન છોડે તેને પહેલા તો ક્લેશ હતો જ અને હવે આ બીજો ક્લેશ ભૂખ-તરસનો થયો, એવા ઉપવાસમાં કર્મ નિર્જરા ક્યાંથી થાય? કર્મ નિર્જરા તો સર્વ ક્લેશ છોડી સામ્યભાવ કરતાં જ થાય છે એમ સમજવું.

આહારની ઇચ્છા તો છોડે પણ સંસારની તૃષ્ણા-આરંભાદિના ભાવો છોડે નહિ તો તેને અનશન તપનું ફળ મળતું નથી, બે હજાર વર્ષ પહેલાં આ આચાર્ય

થઈ ગયા છે અને શ્રીમદ્દે તેમને વંદન કર્યું છે. તેઓ કહે છે કે આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાતાદૃષ્ટા છે, આખી દુનિયામાં જે કાંઈ થાય તેનો હું જાણનાર-દેખનાર છું એવી દૃષ્ટિપૂર્વક રાગ-દ્વેષ થવા ન દેવા એ સામ્યભાવ છે અને એ તપ છે. એનાથી જ નિર્જરા થાય છે, આ રીતે અનશન તપની વ્યાખ્યા પૂરી થઈ.

આગળ અવમોદર્ય તપને બે ગાથામાં કહે છે—

आहारगिद्धिहिओ चरियामग्गेण पासुगं जोग्गं ।
अप्पयरं जो भुंजइ अवमोदरियं तवं तस्स ॥ ४४३ ॥

અર્થ:—" જે તપસ્વી, આહારની અતિ સ્પૃહાના રહિત થઈ સૂત્રમાં કહ્યા પ્રમાણે ચર્યાના માર્ગાનુસાર યોગ્ય પ્રાસુક આહાર પણ અતિશય અલ્પ ગ્રહણ કરે તેને અવમોદર્ય તપ હોય છે. " ૪૪૩.

જે કોઈ ધર્માત્મા આત્મામાં લક્ષ રાખીને શાસ્ત્રમાં કહ્યાં પ્રમાણે આત્માની શાંતિને અવલંબીને દોષ રહિત થોડો આહાર લે તેનો ઉણોદરી તપ હોય છે. નિર્દોષ પ્રાસુક આહારમાં પણ રાગ ઘટાડે તેને નિર્જરા થાય છે. આહાર છોડવાની વાત નથી. કેમકે તે તો આત્માના હાથની વાત નથી. આત્મા આહાર લે કે મૂકે એ તો નિમિત્તનું કથન છે. અહીં તો કહે છે કે રાગનો ઘટાડો સ્વભાવના લક્ષે થાય એટલો સ્વભાવ પુષ્ટ થાય છે એનું નામ ઉણોદરી તપ છે. આ સાક્ષાત્ મુનિની વાત છે. પેટામાં શ્રાવકને પણ અંશે ઉણોદરી તપ હોય છે એમ સમજી લેવું.

મુનિ ભિક્ષા લેવા જાય ત્યારે અગ્નિનો ભડકો દેખે કે બાળકને રડતું દેખે અથવા મડદું સામું મળે તો આહારની ઇચ્છા તોડીને પાછા વળી જાય છે. આત્માનો આનંદામૃત ખોરાક છે એને આવો યોગ કેમ ? એમ વિચારીને પાછા ફરી જાય છે. અંદરમાં ખેદ થતો નથી. એ તપ છે. ઉગ્ર તપશ્ચર્યા કર્યા પછી આહાર માટે જાય પણ જો નિર્દોષ આહાર ન મળે તો ખેદ પામતા નથી. આત્માના આનંદપૂર્વક પાછા ફરે છે.

રામચંદ્રજી જંગલમાં રહેતા હતા એ વખતે આકાશમાં બે મુનિ ચાલ્યા જતા હતા, તેમણે અભિગ્રહ ધારણ કર્યો હતો કે રાજકુમાર જંગલમાં હોય અને પોતાના હાથથી તાજાં માટીના વાસણમાં રસોઈ બનાવી હોય તો તેના હાથથી આહાર લેવો, રામચંદ્રજીએ વાસણ બનાવેલાં ને આહાર તૈયાર કરેલો પછી ભાવના ભાવી ત્યાં મુનિ નીચે ઊતર્યા ને તેમને આહારદાન કરેલ. આવો ઉગ્ર અભિગ્રહ હતો છતાં આહારનો યોગ થવાનો હતો તો મેળ ખાઈ ગયો. આવો અભિગ્રહ હોય ને કદાચ આહાર ન મળે તો સંથારો કરે. મુનિ અંતરના આનંદનો અખતરો કરે છે. મુનિને તેમાં ખેદ થતો નથી. આત્મામાં અશાંતિ ન થાય એ તપ છે.

આત્માને સમજ્યા વિના માયા કપટથી ઉણોદરી તપ કરે છે એને કાંઈ લાભ થતો નથી, તે હવેની ગાથામાં કહે છે.

जो पुण क्रित्तिणिमित्तं मायाए मिट्ठभिक्खलाहट्ठं ।
अप्पं भुंजदि भोज्जं तस्स तवं णिप्फलं बिदियं ॥ ४४४ ॥

અર્થ:—"જે મુનિ, કીર્તિને માટે વા માયા-કપટ કરી વા મિષ્ટ ભોજનના લાભ અર્થે અલ્પ ભોજન કરી તેને તપનું નામ આપે છે તેનું આ બીજું અવમોદર્ય તપ નિષ્ફળ છે." ૪૪૪.

જે કોઈ સાધુ નામ ધરાવીને જગતની કીર્તિ માટે અવમોદર્ય તપ કરે છે અર્થાત્ અલ્પ ભોજન કરે છે તેને ધર્મ થતો નથી. તે માયા કપટી હોવાથી તેને મિથ્યા ભ્રાંતિ અને અજ્ઞાનનો લાભ થાય છે. માન આબરૂ માટે અને જગતને દેખાડો કરવા તપ કરે છે તેની દૃષ્ટિ સ્વ ઉપર નથી પણ બહારમાં છે. એટલે એને આત્માની શાંતિનો લાભ થતો નથી.

ભાવાર્થ:—જે એમ વિચારે છે કે અલ્પ ભોજન કરવાથી મારી પ્રસંશા થશે, તથા કપટથી લોકને ભૂલાવામાં નાખી પોતાનું કોઈ પ્રયોજન સાધવા માટે વા થોડું ભોજન કરવાથી મિષ્ટ રસ સહિત ભોજન મળશે એવા અભિપ્રાયથી ઉણોદર તપ જે કરે છે તે તપ નિષ્ફળ છે, એ તપ નથી પણ પાખંડ છે.

હું ઓછો આહાર કરીશ તો જગતમાં વખાણ થશે અથવા તો થોડું ખાઈશું તો આહાર સારો મળશે, એવી બુદ્ધિથી ઉણોદરી તપ કરે તે તો પાખંડ છે. વીતરાગના માર્ગમાં તો સ્વલક્ષે રાગ ઘટાડે ત્યારે આહાર તો એના કારણે ઓછો હોય છે, તેને ઉણોદરી તપ કહે છે, આત્મા આહારને ઓછો કરતો નથી, આત્માએ રાગ ઘટાડ્યો માટે આહાર ઓછો લેવાણો છે એમ પણ નથી અને આહાર ઓછો લેવાણો માટે રાગ ઘટ્યો છે એમ પણ નથી, એ વખતે એટલો જ આહાર આવવાનો હતો, બત્રીશ કોળિયાના આહારમાંથી સાત કોળિયા ઓછા લીધા તો તે આત્માની ઇચ્છાના કારણે ઓછા લેવાણા છે એમ નથી પણ એ કાળે એટલા જ આવવાના હતા કેમકે તે સ્વતંત્ર દ્રવ્ય છે. આગળ વાત આવી ગઈ છે કે મુનિને આહાર કરવા છતાં પણ પાંચ ઇન્દ્રિયોના વિષયોનો રાગ છૂટી ગયો છે તો તે ઉપવાસ છે પણ જે માત્ર બહારથી સંસારની આબરૂની ઇચ્છાથી તપ કરે છે તે તો એકલો અજ્ઞાન ભાવ છે, પાખંડ છે.

હવે વૃત્તિ પરિસંખ્યાન નામે ત્રીજો તપ કહે છે—

एगादिगिहपमाणं किच्चा संकप्पकप्पियं विरसं ।
भोज्जं पसु व्व भुंजदि वित्तिपमाणं तवो तस्स ॥ ४४५ ॥

અર્થ :—"મુનિ આહાર લેવા નીકળે ત્યારે પ્રથમથી જ મનમાં આવી મર્યાદા કરી નીકળે કે—આજ એક ઘરે વા બે ઘરે વા ત્રણ ઘરે જ આહાર મળી જાય તો લેવો નહિ તો પાછા ફરવું. વળી એક રસની, આપવાવાળાની, તથા પાત્રની મર્યાદા કરે, વ આવો દાતાર—આવી પદ્ધતિથી—આવા પાત્રમાં (આહાર) ધારણ કરી આપે તો જ લેવો સરસ-નીરસ વા ફલાણો આહાર મળે તો જ લેવો એમ આહારની પણ મર્યાદા કરે ઇત્યાદિ વૃત્તિની સંખ્યા-ગણના-મર્યાદા મનમાં વિચારી એ જ પ્રમાણે (આહાર) મળે તો જ લે, બીજા પ્રકારે ન લે, વળી આહાર લે તો પશુ અને ગાય વગેરેની માફ આહાર કરે અર્થાત્ જેમ ગાય આમ તેમ જોયા સિવાય માત્ર ચારો ચરવા તરફ દૃષ્ટિ રાખે છે તેમ (મુનિ આહાર) લે તેને વૃત્તિપરિસંખ્યાન તપ કહે છે." ૪૪૫.

મુનિ જંગલમાંથી વસ્તીમાં આહાર લેવા આવે ત્યારે સ્વભાવની શાંતિપૂર્વ ચિદાનંદનો અખતરો કરે છે કે અમુક ઘરેથી આહાર મળે તો લેવો નહિતર પાછ ફરવું, એમ વૃત્તિને મર્યાદામાં રાખે છે. જેમ સરાણિયો છરી કે ચપ્પુને સજતી વખ વારંવાર જોયા કરે છે એમ મુનિ પોતાનામાં શુદ્ધ પરિણતિ કેટલી વધે છે એન અખતરો વારંવાર કરે છે. એમાં દેહની ક્રિયા પાછા ફરવાની કે અમુક ઘેર જવાન એના કારણે અને એના કાળે થાય છે પણ તે વખતે મુનિને જે શાંતિ રહે છે તે ત છે. મુનિ આનંદમાં ઝૂલતા એવો નિયમ કરે છે કે આજ તો એક જ રસ લેવ પાણીનો બિંદવો પણ ભોજનમાં હોય તો લેવો નહિ, એમ ચૈતન્યમાં પુરુષાર્થ અજમાવે છે, વસ્તુ છૂટી ગઈ હોય છે એના ઉપર તો મુનિને લક્ષ નથી પણ એ પ્રત્યેનો રાગ છૂટી ગયો હોય છે તેના ઉપર પણ તેમને લક્ષ હોતું નથી. મુનિ તો નિ સ્વભાવમાં રમે છે, તેઓ એવો પણ અભિગ્રહ કરે કે બળદના શિંગડામાં ગોળની ભે જોયા પછી આહાર માટે ભિક્ષાએ જવું અને આહાર મળવાનો હોય તો એવો યે પણ બની જાય, ગોળની ભેલીનું ગાડું હોય, કોઈ બળદ એમાં માથું મારે અને મા ઊંચું કરે ત્યારે તેમાં ગોળની ભેલી ભરાઈ જાય એ બધી ક્રિયા તો એના કારણે થ છે, પણ મુનિ પોતાની શાંતિની વૃદ્ધિ માટે અખતરા કરે છે અને આહારની વૃત્તિ તોડે છે તે વૃત્તિપરિસંખ્યાન તપ છે.

છ મહિનાના ઉપવાસનું પારણું હોય એમાં દાળિયા અગર તો એનાં ફોત મળે તો આહાર લેવો, એવી પણ વૃત્તિની મર્યાદા કરે છે, જેમ વેપારી પોતાની મ વધારવા માટે અનેક પ્રકારના વેપારમાં અખતરા કરે છે, અમુક મૂડી ઝવેરાત અમુક રૂમાં, અમુક અનાજમાં, અમુક કરિયાણામાં, એમ અનેક પ્રકારથી પેદાશ અખતરા કરે છે. તેમ મુનિ આત્માના આનંદની પેદાશ માટે અનેક પ્રકારના અખ

કરે છે. પૈસા તો પુણ્ય હોય તો મળે પણ પૈસા મેળવવાના ભાવ તો કરે છે. તેમ મુનિ ચૈતન્યના આનંદ માટે પુરુષાર્થ કરી રહ્યા છે. એમાં આહાર ન મળે તો વિકલ્પને તોડી નાખે છે. જેમ ગાયને કોઈ ખવડાવે તો તેનું લક્ષ ખાવા ઉપર રહે છે પણ ખવડાવનાર કોણ છે એના સામું તે જોતી નથી. એમ મુનિને પોતાના આત્મા તરફ જ લક્ષ હોય છે એને જ વૃત્તિપરિસંખ્યાનતપ કહે છે.

આત્મા તો જાણનાર-દેખનાર છે. આહાર મળવો તે પુણ્યનો યોગ હોય તો મળે છે અને ન મળે તોપણ મુનિને ખેદ થતો નથી, આ રીતે અનશન તથા વૃત્તિ-પરિસંખ્યાન એમ બે તપની વ્યાખ્યા થઈ. [ ક્રમશઃ ]

## વૈરાગ્ય સમાચાર :—

* સોનગઢનિવાસી શ્રી કાંતાબેન દવે ( વર્ષ–૮૨ ) સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૫૦ વરસથી સોનગઢ સ્થાયી રહીને લાભ લેતા હતા.

* સોનગઢનિવાસી શ્રી શાંતાબેન અમરચંદ કપાસી ( વર્ષ–૮૭ ) સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૩૨ વરસથી સોનગઢ સ્થાયી રહીને લાભ લેતા હતા.

* સલાલનિવાસી શ્રી કિરીટકુમાર ચંદુલાલ મહેતા ( વર્ષ–૪૨ ) તા. ૬–૬–૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈ નિવાસી શ્રી મનસુખલાલ હીરાચંદ શાહ ( વર્ષ–૮૬ ) ( –સોનગઢનિવાસી સ્વ. શ્રી હીરાચંદ માસ્તરના દીકરા ) તા. ૧૬–૬–૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગરનિવાસી શ્રી કુસુમબેન પ્રવિણભાઈ દોશી ( વર્ષ–૫૪ ) તા. ૭–૭–૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ ભવોદધિતારણહાર પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ–ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ–ગુરુ–ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

[તા. ૩-૭-૯૬]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો–ટેપ
પ્રાતઃ જિનેન્દ્ર–દર્શન-પૂજા
સવારે ૮–૩૦ થી ૯–૩૦ : શ્રી સમયસાર પર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ–પ્રવચન
બપોરે ૩–૩૦ થી ૪–૩૦ : 'શ્રી પ્રવચનસાર' ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-વાંચન
બપોરે ૪–૩૦ થી ૪–૪૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ
બપોરે ૪–૪૫ થી ૫–૩૦ : જિનેન્દ્રભક્તિ
સાંજે ૮–૦૦ થી ૯–૦૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી કળશટીકા' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન

* ધર્મરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૮૩મી જન્મજયંતી મહોત્સવની મનોજ્ઞ નિમંત્રણપત્રિકાની શુભ લેખનવિધિ તા. ૨૮–૭–૯૬, રવિવારના રોજ સવારના પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન બાદ સમસ્ત મુમુક્ષુસમાજની આનંદોલ્લાસભીની ઉપસ્થિતિમાં ટ્રસ્ટના માનનીય ટ્રસ્ટી તેમ જ મંત્રી શ્રી ચીમનભાઈ મોદીના શુભહસ્તે કરવામાં આવશે.

* વીરશાસન જયંતી :- અષાડ વદ–૧, તા. ૩૧–૭–૯૬, બુધવારના રોજ ભગવાન શ્રી મહાવીરસ્વામીની પ્રથમ દિવ્યધ્વનિનો મહા-ઉપકારીદિન પૂજા-ભક્તિ આદિના વિશેષ કાર્યક્રમપૂર્વક આનંદોલ્લાસ સહ ઉજવવામાં આવશે.

* અષ્ટાહ્નિકા પર્વ :- અષાડ માસની નંદીશ્વર અષ્ટાહ્નિકા દ્વિતીય અષાડ સુદ–૭, મંગળવાર, તા. ૨૩–૭–૯૬ થી અષાડ સુદ–૧૫, મંગળવાર, તા. ૩૦–૭–૯૬ સુધી શ્રી નંદીશ્વર જિનાલયમાં પૂજા–ભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

* રક્ષાબંધનપર્વ :- શ્રાવણ સુદ ૧૫, બુધવાર, તા. ૨૮–૮–૯૬ના રોજ શ્રી રક્ષાબંધનપર્વ—શ્રી વિષ્ણુકુમાર મુનિરાજ દ્વારા શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોના ઉપસર્ગ નિવારણનો પર્વ—પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* સિદ્ધનગરમાં અનંતા સિદ્ધો બિરાજે છે. તેઓએ પહેલાં બહારથી નજર સંકેલીને અંદરનો વિસ્તાર કર્યો હતો. તું પણ બહારથી સંકેલો કરી નાખ. હું તો પૂરણ અભેદ પરમાત્મા જ છું, મારે ને પરમાત્માને કાંઈ ફેર નથી—એમ ફેર કાઢી નાખનારને ફેર છૂટી જશે. આહાહા! દિગંબર સંતોની કથન શૈલી અલૌકિક છે! ૨૫.

* છએ દ્રવ્ય જ્ઞેય છે. તેનો સ્વભાવ એવો છે કે જે કાળે જે થાય તે તેનો જન્મક્ષણ છે. છએ દ્રવ્ય જ્ઞેય છે, તેની પર્યાય તેના સ્વકાળે-જન્મક્ષણે જે થાય છે તેને કરવી છે ક્યાં? તેને જાણે છે; તે જાણું છું એ હું, પણ કરું છું એ કરવું પણ ક્યાં છે? કરવું એ વસ્તુમાં જ નથી. થાય છે તેને કરું છું એ શું! ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કર્યો એટલે બસ! બધું આવી ગયું, દ્રવ્યની દૃષ્ટિ થઈ એટલે બધું પતી ગયું! આ વસ્તુસ્વભાવ ઉપર દૃષ્ટિ ન જાય તો એણે જીવનમાં શું કર્યું! કાંઈ કર્યું નથી. ૨૬.

* આબાળ-ગોપાળ સૌ ખરેખર જાણનારને જ જાણે છે, પણ એને જાણનારનું જોર દેખાતું નથી તેથી આ રાગ છે, આ પુસ્તક છે, આ વાણી છે માટે જ્ઞાન થાય છે એમ એનું જોર પરમાં જ જાય છે. એનાં શ્રદ્ધામાં પોતાના સામર્થ્યનો વિશ્વાસ જ આવતો નથી. તેથી જાણનારને જ જાણે છે એ બેસતું નથી. ૨૭.

* જેણે સર્વજ્ઞને પોતાની પર્યાયમાં પધરાવ્યા તેને હવે કાંઈ કરવાનું રહ્યું જ નહિ. જેમ સર્વજ્ઞ જાણનાર છે તેમ તેની સ્થાપના જેણે પોતામાં કરી છે તે પણ જે થાય તેનો માત્ર જાણનાર જ છે. ફેરફાર કરવાની વાત જ નથી. દ્રવ્ય સર્વજ્ઞ સ્વભાવી છે, એ સર્વજ્ઞને જેણે પોતાની પર્યાયમાં સ્થાપ્યા એને સર્વજ્ઞ થવાનો નિર્ણય આવી ગયો. બસ એ "જ્ઞ" સ્વભાવમાં વિશેષ ઠરતાં ઠરતાં પર્યાયમાં સર્વજ્ઞ થઈ જશે. બીજું કાંઈ કરવાનું રહ્યું જ નહિ. ૨૮.

ફોન નં. ૪૪૩૩૪ "આત્મધર્મ" Regd. No. GBV. 10

## ઈન્ટરસીટી-ટ્રેઇન સોનગઢ ઊભી રહેશે

* ભાવનગર થી અમદાવાદ જતી ૯૯૩૫ અપ ઈન્ટરસીટી ટ્રેઇન તેમ જ અમદાવાદ થી ભાવનગર આવતી ૯૯૩૬ ડાઉન ઈન્ટરસીટી ટ્રેઇન સોનગઢ સ્ટેશને ઊભી રહેશે.

સોનગઢથી બપોરે ૪-૦૪ વાગે મળશે, અમદાવાદ રાત્રે ૮-૫૫ પહોંચશે.
અમદાવાદથી સવારે ૭-૦૫ વાગે ઉપડશે, સોનગઢ સવારે ૧૧-૪૬ પહોંચશે.

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/-
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૬૮/- પોસ્ટેજના અલગ ]

A . દિલીપકુમાર આનંદીલાલ શાહ
આનંદી મંગલમ" વાસણના વેપારી,
માળવાડા, ચોળીફળી, મુ. વડોદરા